**સુવિચાર**
આપણી પાસે કાંઈ ન હોય
એ કરૂણતા નથી.
પરંતુ આપણું કોઈ ન હોય
એ મોટી કરૂણતા છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૨/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ-પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૦૫૮

## કાળમીંઢ રાત્રિએ ‘‘પવનચકકી’’ ઉભી કરવા માટે દોડધામ જોવા મળી

# બાબરાનાં નીલવડા વિસ્તારમાં મહાકાય ટ્રકોની અવરજવર

**વન વિસ્તાર હોવા છતાં પણ રાત્રિનાં સમયે ૫૦ થી ૧૦૦ ટનનાં ટ્રકની અવરજવર**

**પવનચકકીનાં સંચાલકો નાણા કમાવવાની લાલચમાં પર્યાવરણ સહિતનાં નિયમોનો કરે છે ઉલાળીયો**

**ભ્રષ્ટાચારી તંત્ર પવનચકકીનાં સંચાલકો સામે નિયમ મુજબ કાર્યવાહી કરી શકતું નથી**

**પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે વન મંત્રીને પત્ર પાઠવીને નિયમ મુજબ કાર્યવાહી કરવા માંગ કરી**



અમરેલી, તા. ૧૭

અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે બાબરા પંથકમાં પવનચકકીનાં કારણે થતી પરેશાની દૂર કરવા માટે વન મંત્રીને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બાબરાનાં નીલવડા ગામની આસપાસમાં રિઝર્વ ફોરેસ્ટ વિસ્તાર આવેલ છે. પ્રાઈવેટ પવનચકકીના માલિકો ૫૦ ટનથી ૧૦૦ ટન કેપેસીટી ધરાવતાં મોટા વાહનો રાત્રી દરમ્યાન વન વિભાગની મંજૂરી સિવાય ગેરકાયદેસર રસ્તા બનાવીને પવનચકકી ઉભી કરી રહ્યા છે. છતાં પણ જિલ્લા સમાહર્તા કે વન અધિકારી મારફત કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં

અનુસંધાન પાના ૬ ઉપર

## ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ કેસ ચાલી જતાં

# અમરેલી નાગરિક બેન્કનાં બાકીદારને ચેક રીટર્ન કેસમાં બે વર્ષની સાદી સજા

**આરોપી દીપકભાઈ ડાભીને બાકી રકમ વ્યાજ સહિત ચુકવવા આદેશ**

અમરેલી, તા. ૧૭


અમરેલી નાગરિક બેન્કમાંથી એક લાખ રૂપિયાનું ધિરાણ મેળવીને પરત ન કરનાર આરોપીએ આપેલ ચેક રીટર્ન થતાં બેન્કનાં સત્તાધીશોએ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ ફરિયાદ કરતાં બાકીદાર આરોપીને બે વર્ષની સજા અને બેન્કની બાકી રકમ ૯ ટકાનાં વાર્ષિક વ્યાજ સાથે ચુકવવા હુકમ થયેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં એરપોર્ટ પાછળ રહેતાં દીપકભાઈ ગોરધનભાઈ ડાભીએ અમરેલી નાગરિક બેન્કમાંથી રૂપિયા એક લાખની લોન લીધેલ અને બાદમાં રૂપિયા ૯૮,૫૪૯નો ચેક બેન્કને આપેલ જે અપુરતા ભંડોળથી પરત ફરતાં બેન્કનાં રીકવરી અધિકારી અજયકુમાર નાકરાણીએ એડવોકેટ એસ.ડી. ચાવડા મારફત ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ ફરિયાદ કરતાં ૧૫ ફેબ્રુઆરીનાં રોજ મેજીસ્ટ્રેટ નરેન્દ્રકુમાર નાયીએ આરોપીને બે વર્ષની સજા અને બાકી રકમ ૯ ટકાનાં વાર્ષિક વ્યાજ સાથે ચુકવવા આદેશ કરેલ છે.

## વન અધિકારીઓને ખબર જ નથી કે સિંહ પરિવાર કયાં ફરે છે

# હે રામ : માર્ગ અકસ્માત, રેલ્વે દુર્ઘટના બાદ હવે એક સિંહણનું દરિયામાં ડૂબી જવાથી મોત નિપજયું

**કરોડો રૂપિયાનાં ખર્ચ બાદ પણ સિંહોની સુરક્ષા થતી નથી**



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

અમરેલી, તા. ૧૭

દેશની શાન અને ગુજરાતનું ગૌરવ સિંહો ગીર જંગલ છોડી રેવન્યુ અને શહેરી ગામડા સુધી અત્યાર સુધી સિંહો પહોંચી રહ્યા હતા. ત્યારે સિંહો ઈનફાઈટ, ટ્રેન હડફેટે, માર્ગ અકસ્માત, અન્ય કારણોમાં અત્યાર સુધી અનેક વખત સિંહોના મૃત્યુ થઈ ચુકયા છે. પરંતુ હવે ગુજરાતની પહેલી

અનુસંધાન પાના ૬ ઉપર

Kelvinator
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
Kelvinator ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૨૮૪ ૫૯૫૪૭

Aikyam
ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
■ શું આપને ઉદાસી રહે છે ? ■ રડવું આવે છે ?
■ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
: કિલનીક સમય :
સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

WE ARE HIRING
Job Location : Amreli
ARCHITECT
Qualification: Bachelor in Architecture (Male/Female)
INTERIOR DESIGNER
Qualification : Bachelor in interior Designer (Male/Female)
CIVIL ENGINEER
Qualification : Bachelor in Civil Engineer (Male/Female)
SALARY : Negotiable
EXPERIENCE : Minimum 2 Years Working Experience in Architecture/Interior Designer & Civil Work, Knowledge on AutoCAD, Sketchup, 3D MAX, Corona.
All Qualified Candidates Are Requested to Apply With Updated CV Within 15 Days From The Date of The First Publication.
APPLY NOW + 91 94286 16016
vanraj0072001@yahoo.co.in
NEHA CONSULTANCY
First Floor, Ganesh Complex, Station Road, Amreli, 365601 (Guj.)

## મોટી સંખ્યામાં એકત્ર થઈને કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

# અમરેલીમાં આંગણવાડી વર્કરોએ પડતર માંગણી પૂર્ણ કરવા માંગ કરી

મહિલા સશકિતકરણનાં માહોલમાં મહિલાઓને અપુરતુ વેતન આપીને આર્થિક શોષણ કરવામાં આવતું હોવાનો આક્ષેપ

હેલ્પરને માત્ર રૂપિયા ૫૫૦૦નું વેતન અપાતું હોય તેને ૧૦ હજાર કરવા માંગ કરી

સરકાર તરફથી નવો મોબાઈલ આપવા અથવા મોબાઈલની કિંમત આપવાનાં વચનનું પાલન કરો

પોષણ આહારનાં દરોમાં ૧૦૦ ટકા વધારો કરવા સહિતની માંગ પણ કરવામાં આવી






અમરેલી, તા. ૧૭

અમરેલી ખાતે આંગણવાડી સંચાલકોએ વિવિધ પડતર માંગ પૂર્ણ કરવાની માંગ સાથે કલેકટરને આવેદનપત્ર પાઠવેલ.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, સરકાર તરફથી ૨ વર્ષ પહેલા અપાયેલ તમામ વચનને ભૂલી જવામાં આવ્યા છે. જેમાં આંગણવાડી વર્કરોને દર મહિને રૂપિયા ૧૫ હજાર, હેલ્પરને રૂપિયા ૧૦ હજાર, વર્કરોને મોબાઈલની સુવિધા આપવી, વર્કરમાંથી મુખ્ય સેવિકાનાં પ્રમોશનમાં ૪૫ વર્ષની વયમર્યાદા દૂર કરવા, પોષણ આહારમાં ૧૦૦ ટકાનો વધારો કરવા, પ્રો.ફંડ અને પેન્શન યોજના લાગુ કરવા, માંદગીમાં સવેતન ૩૦ દિવસની રજા આપવા સહિતની માંગ પૂર્ણ કરવાની માંગ કરવામાં આવી છે.

આ તકે પૂર્વ સાંસદ વિરજી ઠુંમર પણ આંદોલનકારી વર્કરોની મદદે જોડાયા હતા અને ભાજપ સરકાર પર શાબ્દિક પ્રહારો કરીને વિધાનસભામાં કોંગ્રેસનાં ધારાસભ્યોને આંગણવાડી વર્કરોનાં પ્રશ્નો ઉઠાવવા માટે રજૂઆત કરશે તેવી ખાત્રી આપી હતી.

### ગુન્હો નોંધાયો ને ગણતરીની કલાકોમાં જ

## અમરેલી સીટી પોલીસે અપહરણ તથા પોકસોનાં ગુન્હાનાં આરોપીને ઝડપી લીધો

**એસ.પી.ની સુચનાથી સીટી પોલીસની કામગીરી**



અમરેલી, તા. ૧૭

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે જીલ્લામાં બનતા અપહરણ તથા પોકસો એકટ સબંધીત ગુન્હાઓના આરોપીઓને સત્વરે પકડી પાડવાં તેમજ જરૂરી કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અનુસંધાને અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારી દ્વારા સુચના તથા માર્ગદર્શન આપવામાં આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૩), ૩૫૪, ૩૫૪(એ), ૩૨૩ તથા પોકસો એકટ કલમ–૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૮ મુજબના ગુન્હાના આરોપી રાહુલ સવજીભાઈ વાઘેલા (રહે.લાઠી)ને ચોક્કસ બાતમી આધારે ગણતરીની કલાકોમાં શોધી કાઢી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### ૨૩ ડિસેમ્બરનાં રોજ દીવાલ કૂદીને આરોપી કૂદયો હતો

## લાઠીનાં જરખીયા ગામે લૂંટનો ગુન્હો કરનાર આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો

**આરોપી કિશો ઉર્ફે પંકેશ વાઘેલાની અટકાયત**



અમરેલી, તા. ૧૭

લાઠી તાલુકાના ઝરખીયા ગામે રહેતા ગીતાબેન કાળુભાઈ વલ્લભભાઈ સભાય, નામનાં ૫૮ વર્ષિય મહિલાના રહેણાંક મકાને ગઈ તા.૨૩/૧૨/૨૩ ના રાત્રિના આશરે સાડા ત્રણેક વાગ્યે કોઈ અજાણ્યા ઈસમો દિવાલ કુદીને ઘરમાં પ્રવેશ કરી, રૂમના દરવાજાના નકુચા તોડી, રૂમમાં પ્રવેશ કરી, ગીતબેનના મોઢાના ભાગે હાથવડે દાબી, લોખંડના પાઈપથી માર મારી, મુંઢ ઈજાઓ કરી, કાંઈ બોલીશ તો જાનથી મારી નાખવી પડશે તેવી ધમકી આપી, કબાટ તેમજ પર્સમાં રાખેલ રોકડા રૂપિયા ૧૨,૦૦૦ તેમજ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨૨૦૦૦ મુદ્દામાલની સમાન ઈરાદો પાર પાડી, લુંટ કરી નાસી જઈ ગુનો કરેલ છે, જે અંગે ગીતાબેનએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ લાઠી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતી. અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે આરોપીને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.તે માર્ગદર્શન આવેલ હતું.

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ. એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

તા.૧૬/૨ નાં લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સબંધી ગુનાઓ કરવાની ટેવ વાળા ઈસમો અંગે પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળેલ કે કીશો ઉર્ફે પંકેશ સુરાભાઈ વાઘેલા (રહે.મોટા દેવળીયા) વાળાને પકડી પાડી, મજકુર ઈસમને પુછપરછ કરતા ઉપરોકત લુંટના ગુનાની કબુલાત આપતા, પકડાયેલ આરોપીને આગળ ની કાર્યવાહી થવા લાઠી પોલીસ સ્ટેશનનાં સોંપી આપેલ છે.

### કુદરત જ રૂઠે ત્યારે...કોને ફરિયાદ કરવી ...?!

## સાવરકુંડલા લુહાર સમાજમાં અત્યંત કરૂણ ઘટના બની લગનની આગલી રાત્રે જ વરરાજાની માતાનું મૃત્યુ

**ખુશીનાં પ્રસંગ સમયે માતમ છવાયો**

**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલામાં લુહાર સમાજમાં દામજી પીતાંબર કાટાવાળા પેઢી તરીકે જાણીતા પરિવાર મનસુખભાઈ કારેલીયાના પુત્ર જયદીપના આજે તારીખ ૧૭/ ૨ ના રોજ રાત્રિના લગ્ન નિરધાર્યા હતા. આખો પરિવાર અને સગા સંબંધીઓ સાથે તા. ૧૬/૨ એટલે કે લગ્નની આગલી રાત્રે વરરાજા ની માતા નિર્મળાબેન હરખભેર બધા સાથે દાંડિયા રાસ રમી રહ્યા હતા તેમાં તેમને અચાનક જ હાર્ટ એટેક આવી જતા તેમનું કરૂણ મૃત્યુ નીપજતા, જાણે શુભ પ્રસંગમાં વીજળી પડી હોય તેમ સન્નાટો છવાઈ ગયો હતો. આનંદ ઉલ્લાસની જગ્યાએ રોકકળથી આખુ વાતાવરણ ગમગીન બની ગયુ હતું. આજે રાત્રે લગ્ન હોવાથી સાંજે જાન રવાના થવાની હતી પરંતુ ન જાણ્યું જાનકીનાથે કે સવારે શું થવાનું છે.. એ યુકિત પ્રમાણે જે સમય પોતાના દીકરાની જાન ઉપાડવાનો હતો, તે સમયજ પોતાની અર્થી ઉપાડવાનો આવી પડયો.

### સમગ્ર સૌરાષ્ટ્રમાં પોલીસ બેડા માટે શરમજનક ઘટનાની ચર્ચા વચ્ચે

## ગીરગઢડા પંથકમાં મહિલાનું આર્થિક અને શારિરીક શોષણ કરનાર બે પોલીસકર્મી સહિત ચાર આરોપીઓનાં બે દિવસનાં રીમાન્ડ મંજૂર

**તપાસનીશ અધિકારી દ્વારા આરોપીની સંડોવણીનાં પુરાવા એકત્ર કરાશે**





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૭

ગીરગઢડા પંથકમાં અબળા મહિલાનું આર્થિક અને શારીરિક શોષણ કરી દુષ્કર્મ કરનાર પકડાયેલા બે પોલીસકર્મીઓ, એક જીઆરડી જવાન અને એક વહીવટદારને આજે રીમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરવામાં આવતા બે દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે. ત્યારે રીમાન્ડ દરમ્યાન પોલીસ આરોપીઓની સંડોવણીના મજબુત પુરાવા એકત્ર કરવાની સાથે ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરાવશે ત્યારબાદ શું ચોંકાવનારી હક્કીતો સામે આવશે તેવી ચર્ચાએ જોર પકડયુ છે.

ગીર સોમનાથ પોલીસને શર્મસાર કરતી ગીરગઢડા પંથકમાં બનેલ ઘટનામાં પંથકની વિધવા મહિલા કે જે નાના બાળકોનો ઉછેર કરવાની સાથે પરિવારનું ગુજરાન ચલાવવા દેશી દારૂનો ધંધો કરતી હતી. ત્યારે એસઓજી બ્રાંચમાં ફરજ બજાવતો સલીમ બ્લોચ, ગીરગઢડા ડી સ્ટાફમાં ફરજ બજાવતો મોહન મકવાણા, હોમગાર્ડમાં ફરજ બજાવતો હનીફ શામદાર અને પોલીસકર્મીની ખોટી ઓળખ આપનાર વહીવટદાર પરેશ ઉર્ફે પકો ભીમા શીંગડ પીડિતા મહિલા બુટલેગર પાસેથી હપ્તો પણ ઉઘરાવાની સાથે શારીરિક શોષણ પણ કરતા હોવા અંગે ગીરગઢડા પોલીસમાં દુષ્કર્મનો ગુનો નોંધી ચારેયની ધરપકડ કરી હતી.

દરમ્યાન આજે મહિલા પોલીસના પીઆઈ પટેલ દ્વારા ચારેય આરોપીઓને ગીરગઢડા કોર્ટમાં રજૂ કર્યા હતા. જયાં પોલીસ પક્ષ તરફથી દલીલોમાં કહેલ કે, આરોપીઓએ કયાં કયાં સ્થળે લઈ જઈ દુષ્કર્મ આચર્યુ ?, કયાં વાહનમાં લઈને ગયા હતા, ગુન્હાના કામે વપરાયેલ વાહનો કબ્જે કરવા, મોબાઈલ કોલ ડીટેઈલ મેળવવા તેમજ સ્થળ પરનું રિકન્ટ્રકશન કરવા સહિતના મુદ્દા કોર્ટ સમક્ષ રજુ કરી પાંચ દિવસના રિમાન્ડની માંગ કરાઈ હતી. જેની સામે કોર્ટે ચારેય આરોપીઓને બે દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા. ત્યારે રીમાન્ડ પુર્ણ થયા બાદ ચોંકાવનારા ખુલાસો થવાની શકયતાઓ વર્તાઈ રહી છે.

## વડિયા કોર્ટ દ્વારા સજા થયેલ ફરાર આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કવોર્ડ



અમરેલી, તા. ૧૭

વડિયા તાલુકાના બરવાળા બાવીસી ગામે રહેતા મહેશભાઈ રવજીભાઈ આંબલીયા નામનાં ઈસમે સૌરાષ્ટ્ર શરાફી સહકારી મંડળી મોટી કુંકાવાવ શાખામાંથી રૂપિયા ૧,૫૦,૦૦૦ની લોન લીધેલ હોય અને જે લોન ભરપાઈ ન કરાતા વડિયા જયુ.ફ.ક.મેજી. કોર્ટમાં નેગો એકટ કલમ ૧૩૮ મુજબ ફરિયાદ થયેલી હતી. જે કામે વડિયા કોર્ટ દ્વારા આરોપી મહેશભાઈ રવજીભાઈ આંબલીયાને સદરહું ગુન્હામાં કસુરવાર ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા કરેલ હોય અને જે કામે આરોપી પકડ વોરંટમાં ફરાર હતો.

પોલીસ અધિક્ષક હિમકરસિંહ ધ્વારા પેરોલ ફરાર કેદીઓ તથા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવા જરૂરી સુચના આપેલ હોય. જે અન્વયે એલ.સી.બી. અમરેલીના પોલીસ ઈન્સ. એ.એમ. પટેલના માર્ગદર્શન નીચે પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલીની ટીમને મળેલ ચોકકસ બાતમીના આધારે પકડ વોરંટના આરોપી મહેશભાઈ રવજીભાઈ આંબલીયાને મોટા ભંડારીયા ગામ પાસેથી તા. ૧૫/૨ ના રોજ પકડી પાડી વડિયા કોર્ટમાં રજુ કરવા વડિયા પો.સ્ટે.ને સોંપી આપવામા આવેલ છે.


### પીઆઈ એ.એમ. દેસાઈનાં માર્ગદર્શનતળે

## ધારીમાં રહેણાંક મકાનમાં થતી ચોરી અટકાવવા માટે પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલીંગ

**લાયબ્રેરી ચોક, પ્રેમપરા સહિતનાં વિસ્તારોમાં ચેકીંગ કરાયું**



તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી



ધારી, તા. ૧૭

ધારી પોલીસ દ્વારા રાત્રીના કડક નાઈટ પેટ્રોલીંગ હાથ ધરી વાહનોનુ ચેકિંગ કરવામા આવ્યુ હતુ.

ધારી પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.એમ. દેસાઈ, પી.એસ.આઈ. એચ.જી. મારૂ તથા પોલીસ સ્ટાફે રાત્રી દરમ્યાન બંધ મકાન, દુકાનમા ચોરી થતી અટકાવવા માટે ચુસ્ત નાઈટ પેટ્રોલીંગ હાથ ધર્યુ હતુ. જેમા રાત્રીના પસાર થતા વાહનોનુ ચેકિંગ કરવામા આવ્યુ હતુ તેમજ અનેક વિસ્તારોમા પોલીસે પેટ્રોલીંગ કરવામા આવ્યુ હતુ. જેમા લાયબ્રેરિ ચોક, પ્રેમપરા, તાલુકા પંચાયત ચોક સહિતના વિસ્તારમા ચેકિંગ કરવામા આવ્યુ હતુ.

તેમજ પોલીસ દ્વારા સોશિયલ મીડિયા મારફત પણ બહારગામ જતા લોકોને સતર્કતા રાખવા અપીલ કરી જણાવ્યુ હતુ કે, બહારગામ જવાનુ થાય ત્યારે પાડોશમા તથા પોલીસને જાણ કરો જેથી આજુબાજુના લોકો તથા પોલીસ ત્યા વોચ રાખી શકે તથા ચોરીના બનાવ બનતા અટકાવી શકાય.

## પાલિકા અને ટ્રાફિક વિભાગે ટ્રાફિક ઝૂંબેશ શરૂ કરવી જરૂરી

# અમરેલીમાં ટ્રાફિક સમસ્યાથી શહેરીજનો ત્રાહીમામ

**જાહેર માર્ગો કે ચોકમાં રેઢીયાળ પશુઓનો અડિંગો અને મનફાવે ત્યાં પાર્કિંગ થતાં વાહનો**

**કરોડો રૂપિયાનાં ખર્ચે માર્ગો તો બને પણ શહેરીજનોને ચાલવા કે વાહન ચલાવવામાં વ્યાપક મુશ્કેલી**

**પાર્કિંગ વગરનાં મહાકાય કોમ્પ્લેક્ષનાં કારણે પણ ટ્રાફિક સમસ્યા વિકરાળ બની ગઈ**

**લારી, રેંકડીધારકોને પણ ટ્રાફિકને નડતરરૂપ ન હોય તે રીતે વેપાર કરવા સુચના આપવી જરૂરી**



અમરેલી, તા. ૧૭

અમરેલી એ જિલ્લાકક્ષાનું શહેર છે. શહેરનાં ટાવર ચોકથી લઈને એસ.ટી. બસ સ્ટેન્ડ ચોક અને ત્યાંથી નાગનાથ ચોક થઈને હવેલી ચોક સુધી, હરિરોડ, લીલીયા રોડ, માર્કેટયાર્ડ રોડ વિગેરે વિસ્તારમાં સવારનાં ૩ કલાક અને સાંજે પણ ૩ કલાક સુધી ટ્રાફિક સમસ્યા વિકરાળ બને છે.

એક તરફ શહેરમાં અડિંગો જમાવીને બેસતાં રેઢિયાળ પશુઓ, બીજી તરફ રોડને અડીને ઉભા રહેતા રેંકડીધારકો, કેબિનધારકો અને અધુરામાં પુરૂ ટુ-વ્હીલર, ફોર વ્હીલરનાં આડેધડ થતાં પાર્કિંગનાં કારણે શહેરીજનોને વાહન લઈને તો દૂર પણ પગપાળા ચાલવું પણ મુશ્કેલી બની રહ્યું છે.

શહેરમાં ઠેરઠેકાણે મહાકાય કોમર્શિયલ કોમ્પ્લેક્ષો આડેધડ અને નિયમ વિરૂધ્ધ ખડકી દેવામાં આવેલ છે. જેમાં પાર્કિંગની જગ્યાએ પણ દુકાનો ઉભી કરવામાં આવી છે. બિલ્ડર લોબી પાલિકાનાં શાસકોને ટેબલ નીચેથી નાણા ધરીને નિયમોનો ઉલાળીયો કરે છે.

શહેરમાં વિકરાળ બનેલ ટ્રાફિક સમસ્યાનાં નિવારણ અર્થે ટ્રાફિક અને પાલિકા વિભાગે સંયુકતપણે ફૂટ પેટ્રોલીંગ કરીને ટ્રાફિકને નડતરરૂપ રેંકડી અને કેબિન ધારકોને અન્યત્ર ખસેડવા, જે કોમ્પ્લેક્ષનાં પાર્કિંગ એરીયામાં દુકાનો ઉભી થઈ હોય તે હટાવવા અને આડેધડ પાર્ક કરનાર વાહનચાલકોને દંડિત કરવા અને સવાર અને સાંજે ટ્રાફિક કર્મીઓ પાસે સતત પેટ્રોલીંગ કરાવવું જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

### નિઃશુલ્ક શિક્ષણ, રહેવા-જમવાની સુવિધા આપે છે

## સા.કુંડલાની સેવાભાવી યુવતી દ્વારા સુરત ખાતે નિરાધારોની અનેરી સેવા

**એકતા ચેરિટેબલ ટ્રસ્ટનાં બેનર તળે સેવાકાર્ય**



તસ્વીર-અહેવાલ : પ્રતાપભાઈ ખુમાણ-સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૧૭

મૂળ સાવરકુંડલાની યુવતી ભારતીબેન ચાવડા દ્વારા સુરત ખાતે અનાથ બાળકો, ગરીબો, ભિક્ષુકો, દીકરીઓ, મહિલાઓ અને વૃદ્ધોને મદદરૂપ થવા માટે છેલ્લા ૧૫ વર્ષોથી લોકઉપયોગી સેવાકીય પ્રવૃતિઓ કરી રહ્યા છે તેમના દ્વારા સુરત ખાતે એકતા ચેરિટેબલ ટ્રસ્ટ ચાલુ કરી ૨૪ કલાક સેવાકીય પ્રવુતિ કરવામાં આવી રહી છે. ત્યારે એકતા ચેરીટેબલ ટ્રસ્ટ અને સર્વ સમાજ સેના દ્વારા ગુજરાત રાજયમાં નોંધપાત્ર સેવાકીય પ્રવૃતિ કરી રહેલા મહિપતસિંહ ચૌહાણ અને પોપટભાઈ આહીરનું સન્માન સમારોહનું આયોજન સુરત ખાતે કરવામાં આવ્યું હતું સાથે એકતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતા તાલીમ વર્ગોની તાલીમાર્થી દિકરી ઓને પ્રમાણપત્રો અને ટ્રોફીઓ મહિપતસિંહ ચૌહાણ અને પોપટભાઈ આહીરનાં વરદ હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. દીકરીઓને વિવિધ ધંધાકીય ટ્રેનિંગો, વર્ગો અને કલાસીસમાં નિઃશુલ્ક તાલીમ આપી રોજગારી આપવામાં રહી છે અને મહિલાઓ પગભર થવા પ્રોત્સાહન આપવામાં આવે છે જેમનું સમગ્ર સંચાલન એકતા ચેરિટેબલ ટ્રસ્ટના સંસ્થાપક ભારતીબેન ચાવડા દ્વારા કરવામાં આવે છે.

એકતા ચેરિટેબલ ટ્રસ્ટ સુરતમાં જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણથી લઈ રહેવા જમવા સૂધીની જવાબદારી લેવામાં આવે છે તેમજ જરૂરિયાત મંદ દિકરીઓને પગભર કરવા માટે તાલીમ વર્ગો ભારતીબેન ચાવડા દ્વારા ચલાવવામાં આવે છે એકતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતી આવી તમામ કામગીરીને પ્રોત્સાહન આપવા માટે મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. મહિલાઓ, જરૂરિયાતમંદ યુવતીઓ અને વિધાથીનીઓને વિનામૂલ્યે તાલીમના પ્રમાણપત્રો અને ગુજરાતમાં સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવતા સેવાભાવીઓના સન્માન સમારોહમાં સંતો, સામાજીક રાજકીય અગ્રણીઓ, સાવરકુંડલા મહિલા હોમગાર્ડ દક્ષાબેન ચોટલીયા વગેરે જોડાયા હતા અને એકતા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ગેરકાયદેસર પ્રવેશ કરવા બદલ

## બાબરા રાઉન્ડમાં વન વિભાગે પવનચક્કીનાં વાહનોને દંડ કર્યો

**સમગ્ર પ્રકરણને લઈને ભારે ચકચાર**



તસ્વીર : નુરૂદીન ચાવડા-ધારી

ધારી, તા. ૧૭

ગીર પૂર્વે વનવિભાગહેઠળ નાં સરસીયા રેન્જનાં બાબરા રાઉન્ડની બાબરા૨બીજનાબારાબ્લોક-બીસર્વે નં. ૭૧૭ પૈ.નું નોટિફિકેશન નંબર AKH/95/79/FLD/1679/89064/P/2 મુજબનાં જાહેર થયેલ અનામત જંગલમાં આજરોજ વ્હેલી સવારનાં૨-૩૦કલાકસમયદરમિયાન આયના કંપનીનીપવનચકકીનાવાહનો અનામત જંગલમાંથી પસાર થતાં હોય તેવી બાતમી મળતા સરસીયા રેન્જનાં બાબરારાઉન્ડનાસ્ટાફધ્વારાતાત્કાલીક સ્થળ પર પહોંચી પવનચકકીનાં વાહનોને અટકાવેલ અને આ જંગલમાંથી કોઈ જાહેર રસ્તો પસાર થતો નથી જેથી ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ની વિવિધ કલમો હેઠળ કાર્યવાહી કરી અપ્રવેશનો ગુન્હો નોંધવામાં આવેલ.

### સમગ્ર પંથકમાં આશ્ચર્ય ફેલાવતી ઘટના

## જવલ્લેજ બનતી ઘટના : ખાંભામાં એક ગાયે બે વાછરડીને જન્મ આપ્યો

**બંને વાછરડી તંદુરસ્ત જોવા મળી**

ખાંભા, તા. ૧૭

ખાંભામાં ભગવતીપરા વિસ્તારમાં રહેતા ભદ્રેશભાઈ બાલુભાઈ કલસરિયાની માલીકીની ગાયેરાત્રીનાંસમયે ૧૧ કલાકેબેજુડવા વાછરડીને જન્મ આપતા લોકોમાં કુતુહલસર્જાયું હતું. ત્યારે ગાય માલીક પાસેથી જાણવા મળેલ માહિતી અનુસાર આ બંને વાછરડી તંદુરસ્ત છે અને ગાય માતાની પણ તબીયત તંદુરસ્ત છે તેવું જાણવા મળેલ હતું. ત્યારે આ બંને વાછરડી કલરમાં એક સરખી છે ત્યારે આ જાણ આજુબાજુનાં લોકોને થતાં લોકો આ બંને વાછરડીને જોવા માટે આવ્યા હતા.



તસ્વીર : ભાવિક કલસરીયા-ખાંભા





















## ફિલ્મી સફર (એક ઈતિહાસ)

**હિતેશ જોષી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

**પ્રકરણ-૧૭૨**

**''ચૂપ કે સે મિલે ..પ્યાસે ..પ્યાસે ...કુછ હમ .કુછ તુમ'' 'નાની તેરી મોરની કો મોર લે ગયે..બાકી જો બચા થા કાલે ચોર લે ગયે''**

**પ્રિય વાચક મિત્રો,**

૧૯૬૦ ના ફિલ્મી સફરમાં આપણે અશોક કુમાર અને દેવ આનંદની ફિલ્મોની વાત આજેકરીશું. ૧૯૬૦માં ''માસૂમ'' ફિલ્મ આવી જે બાળ સંરક્ષણ વિભાગ પર આધારિત હતી, આજે બાળ સંરક્ષણ કયારેક બાળકો જે જાણે અજાણે ગુનો કરી બેઠે છે, તેના સુધાર માટે સારા સંસ્કાર અને પાલન માટે ચાલુ જ છે, પણ ૧૯૬૦ માં અશોક કુમાર આ સંરક્ષણ કેન્દ્રના અધિપતિ છે, જે બાળકને પ્રેમ અને લાગણી આપી તેની હકીકત જાણી તેને મદદ રૂપ થવા પ્રયત્ન કરે છે, આજે અમુક સંરક્ષણ કેન્દ્રો બાળ સુરક્ષાના બદલે બાળ શોષણ કેન્દ્ર થઈ ગયા છે , અને ત્યાં રેહતા બાળકો પોતાની ભૂલ સમજી તેને સુધારી સારા નાગરિક બનવાના બદલે કયારેક મનોરોગી કે અત્યંત ક્રૂર બની બહાર નીકળે છે. પણ ૧૯૬૦ ના સમયના બાલ સુરક્ષા કેન્દ્રને લગતી અને બે નાના બાળકો કેવો સંઘર્ષ કરે છે તેની ચિત્રિકરણ કરતી ફિલ્મ એટલ માસૂમ.

માસૂમ- બાળ કલાકાર સરોષ ઈરાની, અઝિઝ, હની ઈરાની, અશોક કુમાર, મનમોહન કૃષ્ણા, ગૌતમ, કેસ્ટો મુખર્જી, મોહન ચોટીથી અભિનીત અને સત્યેન બોઝના નિર્દેશનમાં કેન કુમારદાસના




નિર્માણમાં, રૂબી સેનની કહાની, રાજા મહેંદી અલી ખાન અને સાહિર લૂધ્યાનવીની કલમના ગીતો, સાબિતા ચોધરી, રાનું મુખર્જી, રફી સાહેબ, આશાજી અને હેમન્ત કુમારના સ્વર અને રોબિન બેનર્જીના સંગીતમાં આ ફિલ્મને બેસ્ટ કહાની માટે ફિલ્મ ફેર એવાર્ડ અપાયો હતો. ફિલ્મની કથા ટૂંકમાં જોઈ તો મનમોહન તેના ત્રણ બાળકોને એકલા મૂકી તેની પત્નીની સારવાર અર્થે શહેર જાય છે. તેના ત્રણ બાળકો દેવ એટલે સરોષ, અજીજ એટલે મનુ અને હની એટલે તુની અહી આપણે તેના ફિલ્મી નામથી જ ઓળખીશું. પૈકી મનુ તેના ભાઈ બહેનો માટે નાની વયમાં ગમે તે કરવા તૈયાર છે, ગમે તેની સાથે લડાઈ પણ તેના હક માટે તે કરી શકે છે, મનમોહન તેની પત્નીને બચાવી શકતો નથી અને તેના બાળકોને લઈ શહેરમાં આવે છે, ત્યાં બાળકો અનાથ થઈ જાય છે, તુનીને એક ડોકટર દત્તક લઈ લે છે, નાના બન્ને ભાઈઓ અન્નના દાણા માટે સંઘર્ષ કરી રહ્યા છે, દેવ અભ્યાસમાં પારંગત છે, પણ અભ્યાસ છૂટી જાય છે, મનુને નવા બુટ જોઈએ છે. પણ લઈ શકે તેમ નથી. એક અકસ્માતમાં મનુ ઘાયલ થાય છે અને દેવ તેના માટે બુટ ચોરી કરે છે, પકડાઈ જાય છે, અને બાળ સંરક્ષણ કેન્દ્રમાં તેને લઈ જવા માં આવે છે, ત્યાં અશોક તેની હકીકત જાણી તેને સુરક્ષા અને પાલન પોષણની જવાબદારી લે છે. મનુને પણ તે સંભાળી લે છે. અહી સંદેશ એટલો છે કે, નાના બાળકો જે ચોરી કરતાં પકડાઈ જાય છે, તે કોઈ ગુનાહિત પ્રવૃતિ માટે કયારેય કરતાં હોતા નથી. પણ ગરીબી અને મજબૂરી તેને તે રસ્તે લઈ જાય છે, જો યોગ્ય સમયે તેમને તેમની જરૂરિયાત પૂરી કરી દેવામાં આવે તો તેઓ એક સારા નાગરિક બની શકે છે. આ ફિલ્મનું ગીત આજેપણ બાળ ગીતમાં અગ્રગણ્ય છે. ''નાની તેરી મોરની કો મોર લે ગયે ..'' જે રાનું મુખર્જી એ સ્વર આપેલ છે.

હવે વાત કરીયે દેવ સાહેબની. હિન્દી સિનેમામાં નવા નવા કલાકારો પગ જમાવી રહ્યા છે, પણ રાજ દિલિપ અને દેવ આજે પણ નંબર એકની સ્થિતિમાં છે, રાજ અને દિલિપનું મહેનતાણું દેવ કરતાં થોડુ વધુ છે, પણ લોકપ્રિયતા ત્રણેની એક સરખી છે, દેવ દર વર્ષે એક કરતાં વધુ ફિલ્મોમાં જોવા મળે છે, જયારે દિલિપ એક કે બે ફિલ્મો અને રાજ પણ તેજ રીતે જોવા મળે છે. આ વર્ષે આ ત્રિપુટીએ ટોપ ટેનમાં સ્થાન જાળવી રાખ્યું છે, દેવ સાહેબ પાછળ તે સમયના યુવાન અને યુવતીઓ પાગલ હતા, દેવ સાહેબ તેમની આગવી અદામાં હવે જોવા મળતા થઈ ગયા છે, દેવ સાહેબની ફિલ્મોમાં વિવિધતા જોવા મળે છે, અને ક્રાઈમ સ્ટોરી પણ જોવા મળે છે, આ વર્ષે દેવ સાહેબની છ ફિલ્મો આવી જેમાં એક હિટ, એક સુપર હિટ અને ત્રણ એવેરજ રહી.

મંઝિલ – મંડી બર્મનના નિર્દેશન અને કલ્પના ફિલ્મના બેનરમાં, દેવ આનંદ, નુતન, ડેવિડ, અચલા સચદેવ, પ્રતિમા દેવી. કૃષ્ણ ધવન,




મનમોહન કૃષ્ણા, મેહમુદ અને કે એન સિંગથી અભિનીત અને મજરૂહ સુલ્તાન પૂરીના ગીતો, એસ ડી બર્મનના મધુર સંગીત સાથે, મન્ના ડે, હેમન્ત કુમાર, આશા જી, ગીતા દત, રફી સાહેબના સ્વરમાં સાત ગીતોથી સજેલ આ ફિલ્મ એવરેજ રહી હતી. કથા એવી છે કે, કે એન નો પુત્ર દેવ એક સંગીતનો ચાહક છે, અને બાળ સખી નુતનને ચાહે છે, તેના પિતાને દેવનો સંગીતનો શોખ પસંદ નથી, કારણ કે તે સમજે છે કે તેમાં કોઈ કમાણી નથી. તેઓ ખાનદાની અમીર છે, દેવ સંગીત માં સફળ થવા બીજા શહેર માં જાય છે ત્યાં મેહમુદ તેની મદદ કરે છે, અને પ્રતિમા દેવી જે એક ગણિકા છે તે દેવને ચાહે છે અને તેની મદદ કરે છે, બીજી તરફ નુતનના લગ્ન કૃષ્ણ સાથે નક્કી થાય છે, નુતન શહેર દેવને મળવા જાય છે, અને તેની સાથે પ્રતિમાને જોઈ દેવ બેવફા છે તેમ માની કૃષ્ણ સાથે લગ્ન કરી લે છે. દેવની ચીટ્ઠી આ નુતનને મળતી નથી, દેવ સંગીતમાં સફળ થાય છે, અને નુતનને મળવા પહોચે છે, પણ તેના લગ્ન થઈ ગયા હોય તે દુખી થઈ જાય છે, કૃષ્ણને શંકા છે કે નુતન અને દેવને હજુ પ્રેમ છે, અને તે નુતનને દેવ એકવાર મળવા નક્કી કરે છે, ત્યાં પહોચે છે, દેવ અને નુતન મળતા ગેરસમજ દૂર થાય છે, અને બન્ને પસ્તાઈ છે, દેવ નુતનને તેના પતિ સાથે રેહવા કહે છે, પણ નુતનના પતિ દેવને નુતન સાથે અનૈતિક સંબંધ છે તેમ માની તેની સાથે લડાઈ પર ઉતરી દેવને ગોળી મારી ઝખ્મિ કરે છે, દેવ એક ખ્યાતનામ કલાકાર હોવાથી દેવ પર ગોળી ચલાવી છે જાણી કૃષ્ણ પાછળ તેને મારવા દોડે છે, તેમાં કૃષ્ણ ટોળાંથી બચવા ભાગવા જતાં માર્યો જાય છે, અંતે દેવના પિતા અને નુતનમાં પિતા મનમોહન દેવ અને નુતનને એક કરે છે. ફિલ્મના ગીતો આજેપણ યાદગાર ગીતોમાં આવે છે, જેમ કે ગીતા દત અને રફી સાહેબના સ્વરમાં 'ચુપકે કે સે મિલે પ્યાસે પ્યાસે. કુછ હમ કુછ તુમ' યાદગાર ગીતો પૈકી એક છે, આ તબક્કે યાદ કરાવી આપું કે લતાજી ગાયકોની રોયલ્ટી માટે લડત ચલાવી રહ્યા છે, અને રફી સાહેબે તેમને સહકાર આપેલ નથી એટલે લતાજીએ રફી સાહેબ સાથે ગીતના ગાવાનો નિર્ણય કરેલ છે, તો હમણાં ત્રણ વર્ષ રફી સાહેબ અને લતાજીના યુગલ ગીતો જે અગાઉ રેકોર્ડ થઈ ગયા છે તેને બાદ કરતાં નવા ગીતો સાંભળવા મળશે નહીં.


એક કે બાદ એક-રાજા ઋષિના નિર્દેશન અને રાજ કલાના નિર્માણમાં, એસ ડી બર્મનના સંગીત સાથે નવી તારિકા શારદા, દેવ આનંદ, તરલા મેહતા, એસકે પ્રેમ, રાધા કૃષ્ણ, પ્રભુ ધ્યાલ, હીરા લાલથી અભિનીત આ ફિલ્મ કુટુંબ નિયોજનના સંદેશ સાથે આવી હતી , અમે બે અને અમારા બે ની ગતિવિધિ ભારતમાં તે સમયથી શરૂ થઈ હતી, જે આજે સફળ થતી જોવા મળે છે. અને ભારતની જનતાએ પણ આ ફિલ્મ અને આ સંદેશને અવગણી ફિલ્મ નિષ્ફળ બનાવી હતી. ફિલ્મની કથા એવી છે કે દેવ તેના ભાઈ એસ કે સાથે રહે છે, એસ કે ને તેની પત્ની તરલાથી છ બાળકો છે, અને ભાઈના અભ્યાસ અને કુટુંબની જવાબદારી માટે ઘણું દેવું કરેલ છે. તેની પત્ની હજુ એક બાળકને જન્મ દેવામાં ગુજરી જાય છે, એસ કે ના બાળકો રસ્તા પર ભીખ માંગતા જોવા મળે છે, જયારે દેવ અભ્યાસ પૂર્ણ કરી તેના ગામ આવે છે, દેવ ગામના લોકોને કુટુંબ કલ્યાણ વિષે સમજાવવાના પ્રયત્નો કરે છે, પણ લોકો તેને સમજતા નથી અને તેનો વિરોધ કરે છે. તેનો ભાઈ દેવું અને બાળકોનું ભરણ પોષણ કરી ના શકતા આત્મ હત્યા કરી લે છે. દેવ ગામના લોકોને ત્યારે સમજાવે છે કે સંતાનો એટલા જ જન્મ આપો જેનું તમે ભરણ પોષણ કરી શકો, શિક્ષણ થકી સારા નાગરિક બનાવી શકો. દેવ અને તેની પ્રેમિકા શારદા લગ્નગ્રંથિથી જોડાઈ છે, પણ તેમના બાળકોને જન્મ ના આપવાનો નિર્ણય કરી તેના ભાઈના બાળકોનું પાલનપોષણ કરવાની જવાબદારી લઈ લે છે.

આઝાદી બાદ ભારતની ઘણી સમસ્યા આ હતી જે પૈકી વસ્તી વધારો મુખ્ય હતો, અને આજેપણ થોડા ઘણા અંશે તેમાં સુધાર જોવા મળ્યો છે. નાનું કુટુંબ સુખી કુટુંબની વ્યાખ્યા તે સમયથી ચાલી આવે છે. આગામી અંકમાં દેવ સાહેબની મધુર ગીત અને ક્રાઈમ સ્ટોરીની ફિલ્મો સાથે મળીશું

**.આભાર હિતેશ જોશી**

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases)-ભાગ-૪૫

## વસંત ઋતુ-જુનું ત્યજી નવું અપનાવવાની ઋતુ



**ડો. ભાવેશ કે. મહેતા**

**અમરેલી**

શિશિરમાં મધુર અને સ્નીગ્ધાદી ભોજનથી તથા ઋતુના પ્રભાવથી વધેલો કફ વસંત ઋતુમાં સુર્યના તાપથી તપીને ઓગળે-પીગળે છે તથા (જઠરમાં પ્રસરી) જઠરાગ્નિને મંદ કરી (જઠરાગ્નીમાંધ્યાજન્ય) વિવિધ રોગો ઉત્પન્ન કરે છે. તેથી તે વધેલા કફને જલદીથી જીતવો. તે માટે તીક્ષ્ણ વમન અને નસ્ય આપવું. હલકા અને રૂક્ષ અન્નપાન આપવા.વ્યાયામ, ઉદવર્તન અને પાદાઘાતથી ઉગ્ર કફને જીતવો. સ્નાન કરી ચંદન ,કપૂર,અગરૂ અને કેસરનો શરીરે લેપ કરવો.

વસંત ઋતુ એટલે પ્રકૃતિના યૌવનનો આરંભ, શ્રીમદ ભગવદ ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે, ઋતુઓમાં વસંતઋતુ હું છું. દેવીભાગવત અને બ્રહ્મ વૈવર્તક પુરાણોમાં ઉલ્લેખ જોવા મળે છે કે શ્રી કૃષ્ણે પહેલી વાર સરસ્વતી પૂજન વસંતપંચમીનાં દિવસે કર્યું હતું.

વસંત ઋતુ એક વેદાકાલીન પર્વ છે. આ દિવસે બ્રાહ્મણો પોતાના બાળકોને ઉપનયન સંસ્કાર કરી ઋષિ આશ્રમમાં પ્રવેશ આપતા. શિક્ષણક્ષેત્રે આ દિવસે સરસ્વતી પૂજન કરવામાં આવે છે. બદલાતા સમય સાથે આપણે ટેકનોલોજીની નજીક અને કુદરતથી દુર થતા જઈ રહ્યા છે. તેવા સમયે કુદરત નાં રૂપને નીહાળીશું તો ખ્યાલ આવશે કે આપણે કોની અવગણના કરી રહ્યા છીએ અને શું ગુમાવી રહ્યા છીએ.

ફૂલોની સુગંધની વચ્ચે ઠંડી ઠંડી ફૂંકાતી હવા...સરરર ઉડતી ઓઢણી ..અને ખુશીઓનું કોરસ ગાતા લો આવી ગઈ પ્રેમની ઋતુ વસંત. માથા પર મંડરાતી પરીક્ષાના વિચારોથી થનારી ગભરાહટ ..દિવસે પણ પાપણ સાથે સંતાકુકડી રમતી નરમ મુલાયમ અને પ્રેમભર્યા સ્પર્શથી ઉપજેલ અનોખી સુગંધ ..આ સુગંધમાં ડૂબેલ સમગ્ર પ્રકૃતિ ..તમે ન ઈચ્છો છતાં હવાની છેડછાડ તમને પણ એક જુદા નશામાં ડુબાડી દે છે.

પ્રકૃતિએ માણસને ઉત્સવ ઉજવવાની અનેક તકો પોતાની તરફથી પણ આપી છે. વસંત એટલે સૃષ્ટિના યશકલગી વિજયની વિજય પતાકા અને ચેતનાનો ફુવારો વસંતનું ઐશ્વર્ય જ આપણને ઈશ્વરની કલા શકિતનો પરિચય આપે છે. પાનખર પછીની ઋતુ એટલે સોળ શણગાર સજીને આવે, જાણે પૃથ્વિને પાંગરેલું યૌવન, વસંત ખીલે એટલે પશુ-પંખી, પ્રકૃતિ અને સ્ત્રી-પુઢષો સૌમાં નવા પ્રાણ, નવી ચેતના અને સ્ફૂર્તિનો પ્રાદુર્ભાવ થાય છે. વસંત ઋતુ એટલે સમગ્ર સૃષ્ટિમાં ચેતના અને પ્રસન્નતાનું પ્રાણતત્વ સંચારિત કરનાર સમય.

માગશર સુદ પાંચમથી ફાગણ સુદ પૂનમ સુધી મહેકની ઋતુ એટલે વસંત. વસંતમાં ચોતરફ વનરાજી પ્રફુલ્લી ઉઠી હોય છે. કિંશુક (ખાખરો), કમળ, બકુલ(બોરસલી), આંબો, અશોક, કર્નીકાર વગેરે વૃક્ષોથી વાતાવરણ મનમોહક થતું હોય છે. કોયલના ટહુકા અને ભ્રમરોના મત ગુંજારવથી મનોહર ઉદ્યાનો ધ્વનિત થઈ રહ્યા હોય છે. દક્ષિણ દિશાનો મંદ મંદ પવન વાતાવરણને ઓર જ ઉતેજીત




બનાવી રહ્યો હોય છે.

ઠંડીને લીધે હેમંતમાં (શિયાળા) સંચિત થયેલો કફ વસંતની ઉષ્ણતાને લઈને કુપિત થઈને અનેક જાતના કફના રોગો જન્માવે છે.

મિત્રો મોટાભાગના રોગો જનસમુહમાં એકસાથે (એપેડેમિક સ્વરૂપમાં) ઋતુસંધીનાં સમયમાં થાય છે . ઋતુસંધી એટલે એક ઋતુનો સમાપ્તીકાલ અને બીજી ઋતુનો પ્રારંભ કાલ એ ઋતુ સંધી છે. એક ઋતુનાં અંતના સાત દિવસ અને બીજીના શરૂઆતના સાત દિવસ આ ચૌદ દીવસોનું નામ 'ઋતુંસંધી છે. પૂર્વ ઋતુનાં નિયમોને છોડવા અને બીજી ઋતુના નિયમોનું ગ્રહણ કરવું-આ ઋતુંસંધીમાં આચારનિયમ છે. એકદમ પુર્વઋતુનાં નિયમોનો ત્યાગ અને નવી ઋતુના નિયમોનું ગ્રહણ ન કરવું જોઈએ, ક્રમશઃ કરવું જોઈએ. સહસા ત્યાગથી અસાત્મ્યજ રોગો ઉત્પન્ન થાય છે. નરસાનો ત્યાગ અને સારાનું ગ્રહણ ક્રમે ક્રમે કરવું જોઈએ. ઋતુંસંધીમાં ન સાચવવાથી રોગો થાય છે .

મિત્રો અત્યારે સવાર-સાંજ ઠંડી લાગે છે અને બપોરે એકદમ તાપ લાગે છે જેને લીધે આપણને બપોરે ઠંડી અને ગળ્યું ખાવાની (શ્રીખંડ,દ્રાક્ષ ..)ઈચ્છા થાય છે, પરિણામે કફના રોગો( શરદી, ઉધરસ, ફલુ, શ્વાસ) ખુબજ થાય છે, અગાઉ કહ્યું તેમ ઠંડીની ઋતુમાં સંચિત થયેલો કફ, દિવસનાં તાપથી ઓગળે છે અને ઉપરથી ઠંડું-ગળ્યું કફને વધુ પ્રકુપિત કરે છે. એટલે આ ઋતુંસંધિના પંદર દિવસ (શિયાળો ઉતારવાના અને ગરમી શરૂ થવાના) આહાર-વિહારમાં ખુબ કાળજી રાખવી જરૂરી છે.

# હાસ્યધર્મથી 'વેલેન્ટાઇન-ડે કે વેલણ-ડે'ની ઉજવણી કરીએ

અરે! બે ત્રણ દિવસ પહેલા વેલેન્ટાઈન ડે હતો કે વેલણ ડે, એ નક્કી ન થઈ શકયું. ત્યાં અમારે એક સાહેબ કે સંત વેલેન્ટાઈનની યાદમાં પણ આ દિવસ ઉજવાય છે. ત્યાં તો રઘો હસતા હસતા કે આપણે આમ પણ વિશેષ દિનને સાચી રીતે કયાં ઉજવણી કરીએ છીએ. એમ આ વેલેન્ટાઈન ડે પણ એક જ દિવસ વેલેન્ટાઈન ડે ને બાકીના ત્રણસો ચોસઠ ડે જુદી જુદી રીતે, ઘણી ઘણી રીતે ઉજવાય છે. ત્યાં તો રઘો કે પણ મારા જેવાનું તો કયાંય વેલેન્ટાઈન તો શું વેલડિંગ પણ નથી થયુ. એટલે માતા પિતાની સાથે કાયમ વેલેન્ટાઈન ડે જ ઉજવાય છે. બાકી હું પણ સમજુ છું કે યુવાનો આ દિવસ ઉજવે છે. એમ તો દેશપ્રેમી યુવાનો, લોકો આ દિવસને પુલવામા થયેલા શહીદો માટે પણ એક દિપ જલાવી શ્રદ્ધાસુમન અર્પણ કરે છે. અને દેશના શહીદ સૈનિકોને પણ સેલ્યૂટ આ દિવસે કરે છે. તેમજ સંત વેલેન્ટાઈન પણ યુવાનો અને સૈનિકોની લગ્ન જોડાણના સમર્થનમાં હતા. આમ પ્રેમનો દિવસ તેમજ આવા સંતની યુવાનો પ્રત્યેની લાગણીનો દિવસ, વિવાહને ન સમર્થન આપનારના વિરૂદ્ધનો દિવસ આમ ઘણી રીતે આ દિવસ ઉજવાય છે. પણ પ્રેમનો સંદેશો લઈને આવે છે એ પણ એટલું જ સત્ય છે. વળી ઘણા ઘણા યુવાનો તો આખું વીક રોઝ ડે, પ્રપોઝ ડે, ચોકલેટ ડે, પ્રોમીસ ડે, હગ ડે, બેલેન્સ ડે અને વેલેન્ટાઈન ડે ઉજવે છે. અને પરણેલાનું તો સાલુ રાબેતા મુજબ, રેવા દે, જાવા દે, માફ કરી દે, ખાવા દે, દવા દે, સુવા દે, શાંતિથી જીવ અને જીવવા દે. આવું આપણે મોટા ભાગે સાંભળતા પણ આ કોરોના આવ્યા પછી વેલેન્ટાઈન ડે માં વધારો થયો. વાસણ ઉટકાય ગયા, કપડાં ધોવાય ગયા, ઈસ્ત્રી થઈ ગયા. ખૂબ સરસ તો હવે સંજવારી



**પ્રિન્સીપાલ-ડો.મયૂર દવે**

**ધારી**

પોતા થઈ જાય પછી રસોઈ કરી નાખજો. હું બ્યુટી પાર્લરમાં જઈ આવું. લ્યો બોલો હવે હેપી વેલેન્ટાઈન ડે નામ રાખવું કે હેપી વેલેન્ટાઈન ડે ને બદલે હેપી વેલણ ડે રાખીએ કે હેપી વિલન ડે રાખવું જોઈએ. એટલે મે કહ્યુ જે રાખવું હોય તે રાખજો. પણ મારૂ નામ કે મારા લેખનું પણ નામ ન આપતા એ બધું સાહસ પોતાની રીતે રાખવું. છતાં મિત્રો છે એટલે કહું બીજી કંઈ ભૂલ ન કરતા ગુલાબનું લાલ ફૂલ આપી દેવું. અને એ પણ મૂડમાં હોય ત્યારે જ આપવું. હસતા રહેવું હસાવતા રહેવું, થાય એટલું ઘરકામ કરવું, કયારેક કયારેક અય વલ્લી... સાંભળે તેમ કંટ્રોલ કમાંડમાં ફોન કરવા, વખાણ કરવાની હિંમત જ કરવી. ત્યાં તો રઘો હસતા હસતા કે મને ઘણા ઘણા એમ કે રઘા તું ભાગ્યશાળી છે કે તારે ત્રણસોને પાંસઠ દિવસ વેલેન્ટાઈન ડે જ છે. અમારે તો આ એક દિવસ જ વેલેન્ટાઈન ડે બાકી ત્રણસો ચોસઠ દિવસ વેલણ ડે, વડકા ડે, ભડકા ડે, ઝઘડા ડે, ફાયટિંગ ડે, ફરિયાદ ડે આવા અવનવા ડે ઉજવાતા જ રહે છે. આ બધામાંથી છૂટવાનો એક જ ઉપાય છે હાસ્ય ડે. માટે કાયમ હાસ્ય ડે પણ ઉજવતા રહો. હસતા રહેજો, હસાવતા રહેજો.- **ડો.મયૂર દવે.**

# ટંકણાની વાતમાં આવી ગયો, આ તો પથ્થર ઘણો સીધો હતો - ધૂની માંડલીયા

પદ્મશ્રી શાહબુદીન ભાઈ રાઠોડની એક માર્મિક વાત છે. એક અનાથ, બેરોજગાર માણસ જીવનથી કંટાળી, જંગલભણી મૃત્યુની વાટ પકડે છે. મનમાં ઈચ્છા છે કે જંગલી પ્રાણીનો શિકાર બની જવું. ચાલતા ચાલતા ગાઢ જંગલમાં સિંહની ગુફા બાજુ પહોંચી જાય છે. બે રાજહંસોની નજર આ માણસ તરફ પડતાં તે પરિસ્થિતિનો સાર પામી સિંહને પોતાની આવડતથી આગંતુક મહેમાનનું સ્વાગત, સન્માન કરવા મનાવી લે છે. સિંહ પણ રાજી થઈ પોતે અગાઉ કરેલા શિકારના શરીર ઉપરના તમામ ઘરેણા, દર-દાગીના માણસને સોંપી રવાના કરે છે. મોટા દલ્લો હાથ લાગતાં માણસ સમાજમાં પરત ફરી – સંસાર માંડે છે. વ્યાપાર શરૂ કરી સુખી થાય છે. સંતાનો પણ મોટા થવા લાગે છે. વળી મનમાં લાલચ જાગે છે કે હજું એક વખત જંગલમાં આંટો મારી આવું એટલે પછીની પેઢીને પણ વાંધો નહી ! એ જ રસ્તો, એ જ પડાવ આવે છે. આ વખતે ગુફા પાસે બે કાગડા બેઠા હોય છે. તેના મનમાં પણ પોતાનાં અને નાતના ભોજનનો પ્લાન રચાઈ જાય છે. તુરત તેઓ સિંહની કાનભંભેરણી કરે છે. અને કહે છે કે મહારાજ હવે માણસોને તમારો ડર રહયો જ નથી. આમ સૌ બીક વગર આવતાં રહેશે તો કાલે તો જંગલી પ્રાણીઓ તમને રાજા માનવાનું પણ બંધ કરી દેશે સિંહ પણ મગજ ઉપરનો કાબુ ગુમાવી દે છે. અને આગતું કને મારવાની તૈયારી કરવતા અગાઉ તેને ઓળખી જતાં ખાલી હાથે ચુપચાપની કરતી જવાનું કહે છે. માણસ છેલ્લે એક પ્રશ્ન પુછે છે કે વનરાજ આ સ્થળ, તમે હું સઘળ એનું એજ છે છતાં આટલો વર્તનમાં



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ - અમરેલી

ફરક કેમ ? ત્યારે વનરાજ બહુ સરસ જવાબ આપે છે. ''સલાહકારો બદલી ગયા છે.''

જીવન પણ આમતો સરાણીયાનાં પથ્થર જેવું જ છે ને ?! તે આપણને ઘસી નાખે કે ચમકાવી દે તેનો સઘળો આધાર આપણે કયા પદાર્થના બનેલા છીએ તેના ઉપર રહેતો હોય છે !! કવિ હર્ષ બ્રહ્મભટ્ટના એક સુંદર શેર છે.

''એ જ સઘળા અનુભવો દઈને ઘડતું રહે છે. સતત,
કયાંય કરતા કયાંય દેખાતું નથી જે ટાંકણું

સમાજમાં, જીવન વ્યવહારમાં આ ટાંકણું કેવું છે. અને કેવી વ્યકિતનાં હાથમાં છે, તેની વ્યકિત અને વ્યકિતત્વના ઘડતરમાં બહુ મોટો પ્રભાવ, અસર રહેતી હોય છે. જો ઘટનારો નીતિવાન, કર્મઠ અને ઈમાનદાર હશે, તો તેના દ્વારા થતું ઘડતર પણ શ્રેષ્ઠ હશે અને જો તેની નીયતમાં ખોટા હશે તો થતુ સર્જન પણ પોતાની આભા ગુમાવી જ દેશે !!

''નીકળ્યો હતો આશા ભર્યો અવસરને શોધવા,
વીત્યો સમય ત્યાં ખુદ મને સામો મળી ગયો – ગુલામ અવબાસ **''નાશાદ''**

# રામ મીખ મુનિવાસ સુદાવન, સુંદર ગિરિ કાનન જલ પાવન ।

ભગવાને લખ્યા પ્રમાણે બાપુજીને એક નવિન પરિસ્થિતિનો સામનો કરવો પડયો આ અનુસંધાનમાં ભગવાનનો ફરી પત્ર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ

મેરી રમા તુમારા તા.૨૭ કા લિખા પત્ર મિલા પુર્ણ સંતોષ હુઆ પ્રેમાદ કે પહુચનેકા તાર મુઝે હે તુમકો બાદમે ૧૬ પેજી કે ઉતરમે દો પત્ર દિયે હે ઉરસમે થોડા કઠોર હે આજ હી એક પત્ર પુરૂષોતમભાઈકો પોસ્ટ કિયા હે.

રમા, સંત પરિવાર સદા સહનશીલ હોતા હે સંત પર હિતકે લિયે કષ્ટ સહન કરનેકી પરમ્પરા બનાયે રખના ચાહતે હે અપને લિયે તો કષ્ટ સબ હી સહન કરતે હે તુમ થોડા સહન કર લો બસ તુમ ધીરજ રખના.

મેરા સ્વાસ્થ સાધારણ હે તુમ રાંચી આનેકા વિચાર ન કરના ઔર મે જો સોચતા હું નહી ઠીક હે જલ્દી મિલુંગા ઘલડાના નહી.

આટલા પત્રો આવતા મે લખેલું 'ભગવાન, અપને દુઃખ સુખકી બાતે આપકે સિવા કિસકો લિખું ? પરંતુ ઈસસે આપકો બહુત હી કષ્ટ પહુંચાયા હે ઈસકે લિયે ક્ષમા ભી કિસ શબ્દોમેં માંગું ? મુઝસે જિતના સહન હો સકેગા કર લુંગી સહનશકિત આપ દીજીયેગા ઔર આગેસે આપકો કુછ નહી લિખુંગી'હ તેના જવાબમાં પત્ર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ

તા.૮/૭/૬૫

પ્રિય રમા સાદર આસીસ

મેરા સ્વાસ્થ્ય સાધારણ હે તુમારા, પુરૂષોતમભાઈકા, પ્રમોદકા પત્ર મિલે જાના હાલ તુમારા અચ્છા દેખો ૧૬ પેજ તો તુમારે પત્ર આતે હી બંદ કર દિયા હે પર જો પત્ર પોસ્ટ હો ચુકે હે વહ તો પહુંચેગે હી.

રમા દુઃખ ન લગાઓ તુમ સબ લિખો પર કાયરતાપુર્વક નહી થોડા સહન કરના મૈં તુમસે જલ્દી મિલનેકી સોચ રહા હૂં પર કયાં


રામ સ્વરૂપ તુમ્હાર, વચન અગોચર બુદ્ધિ પર ।

કરૂં ? જૈરામભાઈ કી તબિયત ઠીક નહી મેરે ભરોસે રાંચી પડે હે ઉન્હે છોડકર જા નહી સકતા કહી ઔર કયાં કહું તુમસે તુમ સુનકર દુઃખી હો હોગી ઈહા તાર ટપાલકી બડી અન્યવસ્થા હે બહુત દેરસે મિલતે હે.

સબકો આસીસ કહના તુમ ભલે વિલાસપુર આ જાના મૈં ૧૭ કો ઈહાં સે સલૂંગા વિલાસપુરકો.

રણછોડદાસકા આશીર્વાદ

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)



**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**

મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)

સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી (અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

આ પત્ર પરથી પત્રોની આપ – લેના ગોટાળા ફરી જાણવા મળ્યા. અમુક બુટિશાળી વ્યકિતઓ સાથે હોય ત્યારે હંમેશા આવું બનતું.

(૬૧) કૃપા જ્ઞષ્ટિ રઘુવીર વિલોકી :

ભગવાને વિલાસપુર ગુરૂપૂર્ણિમાં નિમિતે બોલાવી છતાં ઘરના સંજોગવશાતુ હું ન જઈ શકી. બસ આ બંધન જ ખટકતું હતું. ગુરૂ પૂર્ણિમા નિમિતે પ્રણામનો પત્ર લખ્યો. દર્શન તો દુર્લભ જ હતા. થોડા દિવસો બાદ ઉજજૈનથી બાપુજી પર ભગવાનનો તાર આવ્યો.

પરતું આ તાર સૌથી નાનાભાઈ મહેશના હાથમાં આવતા વાંચીને રડવા લાગ્યો હું નહી જવા દઉ અથવા હું સાથે આવું તેની પરિક્ષા હોવાથી સાથે લઈ જવાય તેમ નહોતું તેથી બાપુજી એકલા ઉજજૈન ગયા. ઉજજૈન થી બાપુજીના પત્રથી જાણવા મળ્યું કે ભગવાન અહીંથી ભાડવા (સૌરાષ્ટ્ર) એકાંત અને મૌન માટે પધારવાના છે. કેટલા સમય માટે તે જણાવેલ ન હોવાથી મન જવા માટે ઉતાવળું થયું. કારણ પછી કયારે દર્શન મળે ? અને ઘણાં લાંબા સમયથી દર્શન તો થવા નહોતા. બાપુજીનો પત્ર મળ્યો ત્યારે નાનો ભાઈ સ્કુલમાં ગયેલો તેથી

રામ દ્રખિ સુનિ ચરિત તુમ્હારે, જ મોદહિ બુધ હોહિ સુખારે ।

તેને જાણ કર્યા વિના તે સ્કુલથી આવે ત્યારે પહેલા, પ્રમોદને તેની જવાબદારી સોંપી બે દિવસમાં જ આવી જઈશ કહીને હું ઉજજૈન જવા નીકળી. ઉજજૈન પહોંચી ત્યારે ભગવાને મારા નામ પર પત્ર લખી બાપુજીને આપેલો તે મને ત્યાં જ વાંચવા મળ્યો.

શ્રી રામચદ્રાંય નમઃ

પ્રિય રમા સાદર આસીસ

અચ્છા તુમારા પત્ર મિલા દેખો અબ તો અકસ્માંત હી ભાડવા જાનેવાલ હું તુમકો અભી ઔર પ્રતિક્ષા કરની પડેગી.

કિસીને કહા હૈ...

જો મજા ઈન્તે જારમે...

એક માસ પીછે જયપુર આઉંગા જન્માષ્ટમી હો ગઈ.

લીલા ખતમ (કયોં ?)

અચ્છા હમ હનુમાનજી જા રહે હે.

રણછોડ દાસકા આસીસ

હું પહોંચી ત્યારે ભગવાન ઉજજડ ખેડાનાં હનુમાનજી ગયેલા. હું પણ સીધી ત્યાં ગઈ. ત્યાંથી પાછા ફરતા મને બોલાવી, મેં પુજન કર્યુ અને થોડી વાતો કરો. તે જ દિવસે સાંજે ત્યાંથી ઈંદોર જવા નીકળી ગયા. અમે પાછા જયપુર આવ્યા ભગવાન ઈંદોરથી રાજકોટ પધારેલા. એ દિવસોમાં બા વરસડાથી રાજકોટ ગયેલા. તેથી ભગવાનના દર્શને ગયા ત્યારે ભગવાને તેમને જયપુર જવા વિષે કહયું હશે પરંતુ તેઓની ઈચ્છા જાણતા ભગવાને મને પત્ર લખ્યો. મને પણ ભગવાનના પ્રોગ્રામની ખબર ન હોવાથી મેં પહોંચનો પત્ર લખેલ નહી તેથી તે બાબત પણ લખેલું.

શ્રી રામચંદ્રાય નમઃ

અચ્છા તુમને અપને પહોંચનેકા પત્ર દિયા નહી ચિન્તા સ્વાભાવિક હૈ. તુમારી માં રાજકોટમેં મિલીથી ભીડ કે કારણ બાત કુછ હુઈ નહી ઉનકા મન જયપુર આને કો કહતા નહી વહ આજ હી બડસડા

રામ મક પ્રિય લાગહિ જેહી તેહિ ઉર બસહું સહિત વૈજ્ઞેહી ।

ચલી ગઈ હોગી. મેરા સ્વાસ્થ ખરાબ હે ઠીક નહી દો ચાર દિનમેં ઈહા સે ચલા જાઉંગા સબકો આસીસ.

રણછોડદાસકા આસીસ..

આ પત્રનો જવાબ ભાડવા લખેલ તેનો પ્રત્યુત્તર...

શ્રી રામચંદ્રાય નમઃ

પ્રિય રમા સાદર આસીસ,

તુમારા પત્ર મિલા તુમને જો ઉતર દિયે હે વહ સંતોષજનક હે

મેરા સ્વાસ્થ સાધારણ હે કયા કરૂ દૈવગતિ વિલક્ષણ હે પ્રયત્ન તો જરૂર કરૂંગા કિ તુમ મુજે શીઘ્ર મિલો. સબકો આસીસ કહના.

રણછોડ દાસકા આસીસ

તે વખતે ભારત, પાકિસ્તાન યુદ્ધ ચાલતું હોવાથી ભગવાન ભાડવાથી દિલ્હી બાજુ જવાના હોવાથી એક ગુરૂભાઈ દ્વારા અબર આવ્યા. ભગવાને ફોનથી જયપુર ખબર મોકલાવેલા કે અમુક દિવસે ટ્રેનથી જયપુરથી નીકળવાના છે. ટિફીન લઈ સ્ટેશન જવાનું હતું. ભગવાન લગભગ સવારે સાડાદસે પધારવાના હતા. અમે સ્ટેશન ગયા. ગાડી અર્ધો કલાક ઉભી રહેવાની હોવાથી ભગવાને વેઈટીંગ રૂમમાં સ્નાન કરી, ભોજન લીધું, થોડા સમયમાં ટ્રેન ઉપડી ભગવાન અમૃતસર દેશની રક્ષા નિમિતે પધારેલા.

**(ક્રમશઃ)**

---

### ટાયરોનો રંગ શરુઆતમાં સફેદ હતો

# પહેલા ગાડીના ટાયર કાળા નહી પણ સફેદ હતા

**૧૮મી સદીના અંતમાં, કંપનીઓને અહેસાસ થવા લાગ્યો કે તેઓને સફેદ ટાયરનો વિકલ્પ શોધવાની જરૂર છે કારણ કે તે ખૂબ જ ઝડપથી ખાઇ જાય છે**

આજે સામાન્ય રીતે રોડ પર દોડતા વાહનો પર કાળા ટાયર જ જોવા મળે છે. સંભવ છે કે ૧૦ માંથી ૧૦ વાહનોના ટાયર કાળા દેખાય. પરંતુ હંમેશાથી આવું નહતું. એક સમય હતો જયારે ટાયર કાળા નહીં સફેદ હતાં. આ શરુઆતી કારના સમયની વાત છે. એવું કેમ હતું



અને આખરે તેનો રંગ કેમ બદલવામાં આવ્યો? આ એક રસપ્રદ વાત છે. પહેલા પૈડા લાકડાના બનેલા હતા. લાકડાનું પૈડું લોખંડની પરત ચઢાવવામાં આવતી હતી.

૧૯મી સદીના મધ્યમાં રબરનો ઉપયોગ થવા લાગ્યો. ત્યારબાદ લોખંડની જગ્યા રબરના જ ટાયરનો ઉપયોગ થવા લાગ્યો. રબરના ટાયર બનાવવાનું શુ થયું અને પછી ધીમે-ધીમે તેમાં બદલાવની સાથે તેને બહેતર કરવામાં આવ્યું.

૧૮૪૫માં પહેલીવાર હવાથી ભરેલા ઈન્ફલેટેબલ ટાયર રજૂ કરવામાં આવ્યા હત, પરંતુ લોકોએ તેનો ઉપયોગ કર્યો નહીં અને ખત્મ થઈ ગયા. ૧૮૮૮માં, તેઓ ફરી એકવાર બજારમાં લાવવામાં આવ્યા અને આ વખતે લોકોએ તેમને સ્વીકારી લીધા. આવું કેમ થયું તે એક અલગ કહાની છે. પહેલા ટાયરનો રંગ સફેદ હતો. રબર સફેદ અથવા હલ્કો પીળો-સફેદ હતો, તેથી ટાયર પણ સમાન રંગના બનેલા હતા. આ સાથે, તેને મજબૂત કરવા અને તેની પકડ વધારવા માટે રબરમાં ઝિંક ઓકસાઇડ ઉમેરવામાં આવ્યું હતું. જેના કારણે ટાયર સાવ સફેદ થઈ જતા હતાં. પરંતુ આ ટાયરમાં સમસ્યા હતી, તે ઝડપથી બગડી જતા અને તે ટકાઉ નહતાં. ૨૦મી શતાબ્દીની શરુઆતમાં આ સમસ્યાનું નિરાકરણ મળી ગયું હતું. ૧૮મી સદીના અંતમાં, કંપનીઓને અહેસાસ થવા લાગ્યો કે તેઓને સફેદ ટાયરનો વિકલ્પ શોધવાની જરૂર છે કારણ કે તે ખૂબ જ ઝડપથી ખાઈ જાય છે.

૧૯મી સદીના અંત સુધીમાં તેનું ઓપ્શન મળ્યું. કાર નિર્માતા કંપની વેબસાઈટ અનુસાર, ખાલી રબરની જગ્યાએ રબરને સૂટ સાથે મિકસ કરવામાં આવતાં. તેમાં મોટાભાગની માત્રા કારબ્નની હતી તેથી ટાયર કાળા થવા લાગ્યા. ત્યારબાદ સૂટની જગ્યાએ કાર્બન બ્લેકને મિશ્રણમાં કરવા લાગ્યું. તેનાથી ટાયરનો રંગ તો કાળો જ રહ્યો, સાથે જ ટાયરોના ઘસારાની પ્રતિરોધક ક્ષમતા પણ વધારવામાં આવી. એવું માનવામાં આવતું હતું કે પહેલાં જયાં ફકત રબરવાળા ટાયર ૫૦૦૦ કિમી ચાલતાં હતાં. નવા ટાયર ૧૫૦૦૦ કિમી ઉપર ચાલવા લાગ્યાં. નોંધનીય છે કે ૧૯૨૦-૩૦ ના દાયકામાં કંપનીઓએ પોતાની જાતને અલગ પાડવા માટે સફેદ દિવાલના ટાયર બનાવ્યા હતા. જેમાં, જમીનના સંપર્કમાં આવેલો ભાગ કાળો હતો જ્યારે બાજુથી દેખાતો ભાગ સફેદ હતો. જોકે, આ ટાયરની ફેશન લાંબો સમય ટકી શકી નહીં.

---

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**સુખી અને સાર્થક જીવનનું રહસ્ય મૃત્યુ મિંમાસા : જીવન કલાનું અંતિમ ચિત્ર વાસંતી વાયરો વાયો, કોયલ ટહુંકે હવે ઝટ પૂરું કર**

**અયોધ્યા આ મંગલ મૃત્યુનો લખવાનું હવે પૂરું કર...!**

મૃત્યુ મિમાં રસનો વિષય નથી. જીજ્ઞાસા, અચરજ અને ઈશ્વરની અનુભૂતિનો વિષય છે. ગુજરાતી સાહિત્યમાં મૃત્યુ વિશે સંતોષ આપીશકે એવો ગ્રંથ મને મળ્યો નથી. હા મરણ વિધિ, મરણ પછીનું જીવન. મૃત્યુ વિષયક કવિતાઓ વાંચવા મળી છે. શ્રી યોગી અરવિંદનું ''સાવિત્રી''નોંધપાત્ર મહાકાવ્ય છે. કલ્પના અને ફિલોસોફી હોવાથી સમજવું મુશ્કેલ પડે છે. કઠોપનિષદ વિશે આપણે આ લેખમાળામાં ઘણુ લખ્યું છી. ગરુડ પુરાણમાં મરણ પછીની વાતો છે. સત્યાર્થ પ્રકાશ પુસ્તકમાં થોડી ચર્ચા છે. શ્રીમદ્ દયાનંદ સરસ્વતી પ્રશ્ન અને ઉત્તરમાં ઉલ્લેખ કર્યો છે. ''પ્રશ્નઃ શું ગરુડ પુરાણ પણ જુઠું છે ? ઉત્તરઃ હા અસત્ય છે. પ્રશ્ન પછી મરી ગયેલા જીવની શી ગતિ થાયફ છે ?

**ઉત્તરઃ** જેવા તેના કર્મ છે તેવી.

**પ્રશ્નઃ** જે યમરાજા, ચિત્રગુપ્ત મંત્રી તેમના કાજળ ના પર્વત તુલ્ય શરીરવાળા મોટા ભયંકર ગણ જીવને પકડીને લઈ જાય છે. પાપ–પુણ્ય મુજબ નરક–સ્વર્ગમાં નાખે છે, તેને વૈતરણી નદી તરવા માટે દાન, પુણ્ય, શ્રાદધ, તર્પણ અને ગોદાન વગેરે કરે છે એ સર્વ વાત જુઠી કેમ કરી હોઈ શકે ?

**ઉત્તરઃ** એ સર્વ વાતો પોપલીલાના ગયોડા છે. જો બીજી જગ્યાનાં જીવ ત્યાં જાય છે, તેનો ધર્મરાજ, ચિત્રગુપ્ત આદિન્યાય કરે છે. તો એ યમલોકનાં જીવ પાપ કરે, તો બીજુ યમલોક માનવું જોઈએ, કે ત્યાંનો ન્યાયધીશ તેમનો ન્યાય કરે છે અને પર્વત સમાન યમગણોનાં શરીર હોય તો તે દેખાતાં કેમ નથી ? તે રસ્તા કે ગલીમાં અટકી કેમ જતા નથી ?? નાના દરવાજામાં તેમની એક આંગળી પણ નહીં જઈ શકે. તો મરનારનો જીવ લેવા માટે ઘરમાં કે શરીરમાં તેઓ શી રીતે પ્રવેશ કરી શકે ? શકશે ? જો કહો કે તે સૂક્ષ્મ દેહ પણ ધારણ કરી લે છે તો પ્રથમ પૂર્વવત શરીરનાં મોટા મોટા જે હાડકા હતા, તે પોતાનાં ઘર વિના પોપજી કયાં મૂકી રાખશે ? જયારે જંગલમાં આગ લાગે છે ત્યારે પિપીલિકા–કીડી આદી જીવોનાં શરીર એકદમ છૂટે છે. તેમને પકડવા દોડશે ત્યારે કદી તેમના શરીર પણ ઠોકર ખાઈ જશે, તો પછી જેમ પહાડનાં મોટાં મોટાં શિખર તૂટીને પૃથ્વી ઉપર પડે છે, તેમ તેમનાં મોટા મોટાં અવયવ ગરૂડપુરાણનાં વાંચનાર અને સાંભળનારાનાં આંગણામાં આવી પડશે. તો તે બિચારાફ દબાઈ મરશે કે ઘરનું દ્વાર તથા સડક રોકાઈ જશે, તો તેઓ કેમ નીકળીને ચાલી શકશે ?

શ્રાદધ, તર્પણ, પિણ્ડદાન એ મરેલા જીવોને તણો નથી પહોંચતા કિન્તુ મૃતકોનાં પ્રતિનિધિ પોપજીનાં ઘર હાથ અને ઉદરમાં પહોંચે છે. વેતરણી પર તે ગાય નથી જતી, તો પછી કોનું પૂછડું પકડીને તરશે અને તેનાં હાથ તો અહીં બાળી કે દાટી દીધા છે તો પછી પૂછડું કેમ પકડશે ? અહીં આ વાતમાં એક ઉપયોગી દ્રષ્ટાંત છે. ''દ્રષ્ટાંત ખૂબ લાંબુ હોવાથી અત્રે માત્ર ઉલ્લેખ કર્યો છે. સત્યાર્થ પ્રકાશ–લે. સ્વામી શ્રીમદ્ દયાનંદ સરસ્વતી. પૃ.૨૩૫, પોપજી અને જાટજીનું દ્રષ્ટાંત–પૃષ્ઠ ૨૩૫ થી ૨૩૬ શ્રીમદ્ દયાનંદ સરસ્વતી કાંતીકારી વિચારો ધરાવે છે. તેઓ સનાતન વૈદિક ધર્મનો સ્વીકાર કરે છે. બસો વરસ પહેલા આવા વિચારો વ્યકત કરવા માટે તેમને નમસ્કાર : જન્મ તા. ૧૨–૨–૧૮૨૫.



**ડો. ધીરજકુમાર વ્યાસ**

મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)

બગસરા

મૃત્યુનું રહસ્ય જાણવા ગમે તેટલા પ્રયત્નો થયા હોય તો પણ તે રહસ્ય ગૂઢ રહ્યું છે. દરેક ધર્મ મૃત્યુને સમજવા પ્રયત્ન કર્યો છે. અહીં પણ પ્રસ્તુત લેખ મૃત્યુને સમજી સહજ સ્વીકાર કરવાનો છે. મૃત્યુનો ભય દૂર કરવાનો પ્રયત્ન છે. મૃત્યુથી જીવનનો અંત નથી પણ નવા જીવનની શરૂઆત છે તેવો વિચાર સ્વીકાર કરવાથી મૃત્યુનો ડર ઓછો થઈ જાય છે.

મૃત્યુ પછી શું ? વિજ્ઞાન પણ આ અંગે કશું જ કહેતું નથી. આપણે તો માત્ર ધર્મને શરણે જઈ આરૂવાસન ખોળવાનું છે.

આપણો ધર્મગ્રંથ ગીતા મૃત્યુને સ્વીકાર કરવાનું કહે છે. જેમ જીર્ણ થયેલા વસ્ત્રો બદલીએ છીએ તેમ જીર્ણ શરીરને બદલી આત્મા નવો દેહ ધારણ કરે છે. ભૌતિકવાદીઓ આ સ્વીકારતા નથી.

વિજ્ઞાનીઓ આયુષ્ય લંબાવવા ખૂબ સંશોધનો કરે છે. પરંતુ હજી સફળતા મળી નથી. મૃત્યુની વાત બધા કરે છે. ચર્ચા કરે છે પણ આખરી અંતિમ સત્ય વિશે કોઈ જાણતા નથી. આ ચર્ચા કે વાતનો વિરોધ પણ થાય છે : અનુભવ વગર મૃત્યુની વાત કેમ થઈ શકે ? શો ફાયદો ? શું લાભ ? મારી દ્રષ્ટિએ મૃત્યુની વાત વિશે ચર્ચા કરવી–મોટો લાભ એ છે કે મૃત્યુનો ભય દૂર થાય છે આપણને સૌને સૌથી મોટો ભય મૃત્યુનો છે. આ ભયને દૂર કરવા માટે જ આ મથામણ છે.

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ :(ગીતા–૨–૨૭) મોત અણધાર્યુ અણચિંતવ્યુ એકાએક પણ આવી શકે છે. આથી માણસો સારા વિચારો કરવા પ્રેરે છે. શા માટે કોઈનું ખરાબ કરવું ? શા માટે વેર રાખવું ? આખરે આ સુંદર પૃથ્વી ઉપરથી વિદાય લેવાની છે તો સૌ સાથે હળીમળી–પ્રેમથી આનંદથી રહીએ સાથે રહીને સુખ ભોગવીએ.

ભૂલ થશે જરૂર જિંદગીમાં એકવાર

તમે બધા ચાલતા હશો બંદા ખભે સવાર.

**–(અપૂર્ણ) ધીરજકુમાર વ્યાસ**

---

# 'પરીક્ષાની પ્રતીક્ષા'

પરિક્ષા કોઈ પણ હોય એ અંતિમ ચરણ નથી આપણાં બાળકોના વ્યકિતત્વને મૂલવવાનું. માટે બાળકના મગજમાં પરીક્ષાનો ડર કે દબાણ એટલું ના લાવો બાળક ભણવાથી દૂર ભાગે. તેને શિક્ષણનું મહત્વ સમજાવો. બાળક માટે પરીક્ષા એ આફત નહીં અવસર બને એવું વાતાવરણ આપો. બાળક પરીક્ષાની તૈયારી કોઈ ભય કે ડરથી નહીં પણ આનંદને ઉત્સાહથી કરે. એવો માહોલ પરિવાર અને શિક્ષકોએ બાળકને આપવો પડે.

વળી આપણા બાળકોને આપણે એની ટકાવારીથી મુલવવાનું બંધ કરીએ. આપણા પ્રેમના પરિમાણો બાળકની સિદ્ધિઓના આધારે બદલાય નહીં. આપણું બાળક કુમળું ફૂલ છે એના માળી બની આપણે માવજત કરવાની છે. માલિક બની એના પર શાસન નથી કરવાનું. પરિવારમાં પણ બાળકની બીજા બાળક સાથે તુલના નથી કરવાની. અને એ જ રીતે શિક્ષકે પણ ક્લાસના અન્ય બાળકથી બીજા બાળકની તુલના ન કરવી જોઈએ. અને ખરેખર નબળા બાળકને વધુ સ્નેહ ને સમજણની જરૂર હોય છે. ત્યારે એ બાળક પર કરૂણાદ્રષ્ટિ રાખી તેના સવાલોના સચોટ જવાબો આપવા જોઈએ. અને તેના મનમાં પરીક્ષાને લઈને ખોટો ભય ઉભો થતો અટકાવવો જોઈએ. અને શિક્ષક તરીકે બાળકને સરળથી સરળ રીતે સમજાવી શકાય તેવા પ્રયાસો કરવા જોઈએ. જેથી સાવ સામાન્ય બાળક પણ સમજી શકે. વળી પરીક્ષા માત્ર આપણે કરેલા પુરૂષાર્થનું પરિણામ છે, એક પ્રક્રિયા છે. પરંતુ ત્યાં



**અનુભૂતિનાં અક્ષરો**

– નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ

શીખવાનો કે જીવવાનો અંત નથી થતો. આ તો પહેલું સ્ટેશન હોય છે. જીવનમાં ડગલેને પગલે પરીક્ષાઓ આવવાની. ત્યારે બાળકને એ પરીક્ષામાં જીતવાનું જ છે એ સમજણ આપવી ખૂબ ભૂલ ભરેલી છે. બાળકને હારતા પણ શીખવવું એટલું જ જરૂરી છે. જેથી તે હાર પચાવતા શીખે. કોઈ પણ નિષ્ફળતા આખરી નથી એ સમજાવવું પણ જરૂરી છે. કારણ કે સતત જીતતા રહેવાનો ભાર બાળકના બાળપણને છીનવી લે છે. ઘણી વખત માતા–પિતાના સપનાઓ બાળકની આંખે આંજવાની કોશિશ કરવી એ ખૂબ હાનિકારક છે. કારણ કે તમારું બાળક એનું પોતાનું અસ્તિત્વ અને વ્યક્ત્વિ લઈને આવ્યું છે. એની આંખે એના પોતાના સપના છે. ક્યાંક એવું ન થાય કે માતા–પિતાના સપનાઓ કે ઈચ્છાઓ પર ખરા ઊતરવાની હોડમા બાળક થાકી જાય, હારી જાય, અને એ બોજના લીધે કયાંક નિરાશ થાય, કે નિષ્ફળ થાય તો એ મુકત મને બોલી ના શકે, એની પાસે કોઈ અવકાશ જ ના હોય.

તો આપણા બાળકોને આપણે એકેડેમિક પરીક્ષાઓ માટે જ નહીં જીવનરૂપી પરીક્ષાઓ માટે પણ તૈયાર કરીએ. અને એ જીવનની દરેક પરીક્ષામાં પાસ થઈ શકે અને નપાસ થઈ શકે એવો પણ અવકાશ આપીએ. એક બાળક તરીકે ભૂલ કરવી એનો અધિકાર છે. તો એમાં નપાસ થવું પણ આવે છે. કોઈને કોઈ તબક્કે નાપાસ થાય તો એનો પણ સ્વીકાર હોવો જોઈએ. બાળકની સિદ્ધિઓનો સ્વીકાર છે તો એની મર્યાદાઓનો સ્વીકાર કરવો એ પણ આપણી ફરજ છે. ત્યારે બાળકમાં એ વ્હાલ ને વિસ કરવો ખૂબ જરૂરી છે કે, 'તે કોઈ પણ તબક્કે નિષ્ફળ થશે તો પણ તેના માટેનો આપણો સ્નેહ કે સન્માન લગીરે ઓછા નહીં થાય'. એટલે બાળકને એ સધિયારો આપીએ કે પરીક્ષા અભ્યાસની હોય કે જીવનની દરેકરસ્તે, પરિણામ સફળતામાં હોય કે નિષ્ફળતામાં પણ અમે તારી સાથે છીએ. એ સધિયારો બાળકને ખૂબ મોટી હુંફ આપે છે. તો આપણા બાળકોને આપણે કોઈપણ પરીક્ષાથી ડરાવ્યા વગર પરીક્ષાનો અવસર ઉજવીએ.

પરીક્ષાઓને માથાનો ભાર બનાવી બાળકોના માથે લાદવાના બદલે બાળકો પરીક્ષાના પ્રેમમાં પડે એવું વાતાવરણ આપીએ.તે કોઈ પણ પરિક્ષાથી ભાગે નહી પણ તે ક્ષણને ભોગવે એવું કરીએ.

કેમકે,

**'ના કર તું ચિંતા અકારણ,**

**ચિંતા ચિતા સમાન છે**

**પરીક્ષા બીજું કંઈ નથી,**

**પરિશ્રમનું પરિણામ છે.'**


**નિધિ મહેતા**

**અમદાવાદ**

# બગદાણા બજરંગજદાસ બાપા સમાધિ સ્થાનનાં ટ્રસ્ટી મનજીબાપાનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલિન









તસ્વીર–અહેવાલ : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

બગદાણા સંતશ્રી બજરંગદાસ બાપા સમાધી સ્થાનના મેનેજીંગ ટ્રસ્ટી મનજીબાપાનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલિન થઈ ગયો. હજારો ભાવિકોની ભારે ભીડ જામી. આ શોકમય ઘડીમાં શોકાંજલી પાઠવવા પૂ મોરારીબાપુ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત ગુજરાતના અનેક મહાનુભાવોએ શોકાંજલી અર્પણ કરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરાનાં નીલવડા વિસ્તારમાં

આવી નથી તે દુઃખદ છે.

વધુમાં જણાવેલ છે કે, પવનચકકીની ગેરકાયદેસરતા બાબતે અનેક વખત રજૂઆતો કરી છે. કોઈપણ પવનચકકીને મામલતદાર તરફથી લોક કરવામાં આવે છે અને મામલતદાર મારફત લોક કરેલ પવનચકકીને ફરી ખોલીને મંજૂરી આપવામાં આવે છે. મામલતદાર પોતાનો હુકમ પોતે જ રદ ન કરી શકે, આ બાબતે કલેકટરને રજૂઆત કરતા પ્રાંત અધિકારી લાઠીને સુચના આપી ફરી પવનચકકીને લોક કરેલ છે. આ પ્રકારની અનેક ગેરરીતિ ચાલી રહી છે. અત્યાર સુધીમાં રક્ષિત પક્ષી મોર અનેક મોતને ઘાટ ઉતર્યા છે છતાં તંત્રનું મૌન શું સુચવે છે ? રિઝર્વ ફોરેસ્ટમાં રસ્તા પણ થઈ શકતા નથી. રેલ્વે વિભાગને બ્રોડગેજ રૂપાંતર કરવાની મંજૂરી અપાતી નથી. અમરેલી જિલ્લો ઈકોસેન્સેટિવ ઝોનમાં આવે છે, નદી–નાળામાંથી રેતી પણ લઈ શકાતી નથી છતાં પણ રેતી ખનનની ગેરરીતિ ચાલી રહી છે. રિઝર્વ ફોરેસ્ટ રસ્તાઓ બની રહ્યા છે. રિઝર્વ ફોરેસ્ટમાંથી તેમજ અન્ય ગૌચરમાંથી માટી ઉપાડવામાં આવે છે. નદી–નાળા, રોડ ઉપર પવનચકકી લાઈનો ઉભી થઈ જાય છે ઈલેકટ્રીક ઈન્સ્પેકટર તરફથી ઈન્સ્પેકશન પણ થતું નથી. આ પ્રકારની અનેક મોટી ગેરરીતિઓ બાબતે મીડિયામાં સમાચાર પ્રસિધ્ધ થાય છે છતાં પણ તંત્ર મૌન રહે છે. તો આ બાબતે આપના લેવલેથી કડક સુચના આપી એશિયાઈ રિઝર્વ ફોરેસ્ટ અને સિંહના કારણે અમરેલી જિલ્લો પ્રવાસન તરીકે વિકસી રહ્યો છે. કડક સુચના આપી ઘટીત કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૫૨ |
| ૨ | ચણા | ૧૦૮૫ | ૧૧૧૧ |
| ૩ | ઘઉં | ૫૫૧ | ૫૫૧ |
| ૪ | સોયાબીન | ૮૦૧ | ૮૦૧ |
| ૫ | ધાણા | ૯૬૦ | ૯૬૦ |
| ૬ | તુવેર | ૧૫૭૫ | ૧૬૮૧ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૩૦ | ૧૨૩૬ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૨૮૭ |
| ૩ | તલ સફેદ | ૨૧૧૦ | ૩૧૮૫ |
| ૪ | તલ કાળા | ૨૯૩૫ | ૩૧૬૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૪૦૩૦ | ૪૦૩૦ |
| ૬ | બાજરો | ૪૮૧ | ૫૧૫ |
| ૭ | જુવાર | ૭૭૧ | ૧૧૫૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૪૦ | ૬૩૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૭ | ૫૩૧ |
| ૧૦ | ચણા | ૯૧૫ | ૧૧૪૨ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૭૦ | ૧૩૦૦ |
| ૧૨ | તુવેર | ૧૨૭૦ | ૧૯૦૦ |
| ૧૩ | કપાસ | ૧૦૩૦ | ૧૪૯૬ |
| ૧૪ | એરંડા | ૧૦૫૧ | ૧૦૯૭ |
| ૧૫ | જીરૂ | ૩૬૦૦ | ૬૨૨૫ |
| ૧૬ | રાયડો | ૮૧૫ | ૮૮૬ |
| ૧૭ | ધાણા | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ૧૮ | ધાણી | ૧૨૭૦ | ૨૪૦૫ |
| ૧૯ | મેથી | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ૨૦ | સોયાબીન | ૮૩૯ | ૮૩૯ |

પાના ૮ ઉપરનું ચાલું

## દેશનાં પાટનગરમાં હરિયાણા

સ્વીકારવી એ શકય નથી. પરંતુ સરકાર પણ જાણે છે કે આ ખેડૂતો વોટર કેનનનો મારો ચલાવીને કે રબરની ગોળીઓ મારીને પાછા હટે તેવા નથી. સને ૨૦૨૧માં સતત એક વર્ષ સુધી આ ખેડૂતોએ ડેરા તંબુ તાણીને દિલ્હીની બહાર એટલો મોટો જમાવડો કર્યો હતો કે આ અત્યાર સુધી કદાચ ભારતમાં આવું મજબૂત આંદોલન કોઈએ જોયું નહોતુ. તેથી મોદી સરકારે કોઈ કાયદો પાછો લેવાની ફરજ પડી હોય તો તે ખેડૂતોના ત્રણ કાયદાઓ તેમણે પાછા લેવાની ફરજ પડી હતી. કોરોના કાળ દરમિયાન પણ તેઓ કોરોનાને નીરસ્ત કરીને પોતાની જાનની બાજી લગાવીને પોતાની માંગણીઓ પર અડગ રહ્યા હતાં. આ બધા ખેડૂતોને સલામ કરીએ એટલા ઓછાં.

ગુજરાતના ખેડૂત સંગઠનો સરકારની હાજી હા કરનારા અને તેની સાથે વેલેન્ટાઈન ડે મનાવનારા છે. માટે ગુજરાતના ખેડૂતોના પ્રશ્નોનો કોઈ ઉકેલ આવતો નથી. આજે પણ ખેડૂતોની માંગણી મુજબ ટ્રેકટરમાંથી વાહન વ્યવહાર વેરો નાબૂદ કરવો, જંગલી રોજ અને ભૂંડનો ત્રાસ ઓછો કરવા માટે તે માટેની વ્યવસ્થા કરવી, સબસીડીની વિવિધ યોજનાઓ જે રીતે લોન્ચ થાય છે તે સામાન્ય ખેડૂત સુધી પહોંચતી નથી તેથી તેને યોગ્ય રીતે અમલ કરવા માટેની એક પદ્ધતિ વિકસાવવી અને યોજનાઓ ઓનલાઈન અરજી કરવામાં માત્ર ૫૯ સેકન્ડમાં બંધ થઈ જાય છે અને ખેડૂતો તે માટે કંઈ કરી શકતા નથી.

આ ઉપરાંત પોષણક્ષમ ભાવની બાબતમાં કપાસ પકવતા ખેડૂતોને બે વર્ષથી પોતાના ગોડાઉન ભરી રાખવા પડયા એવી સ્થિતિ છે. ૧૨૦૦–૧૩૦૦ રૂપિયાના ભાવથી કપાસનું વેચાણ ખેડૂતોને પોસાય તેવું નથી. તેથી તેનો મિનિમમ સપોર્ટ પ્રાઈસ ૧૮૦૦ રૂપિયા ૨૦ કિલોગ્રામ લેખે હોવા જોઈએ તે માંગણી ખેડૂતોની રહી છે. પરંતુ સરકારે તે તરફ કોઈ લક્ષ્ય આપ્યું નથી. એટલું જ નહીં સીસીઆઈ જે ભારત સરકારની સંસ્થા છે તે પણ ખેડૂતોનો કપાસ બે વર્ષથી ખરીદ કરતી નથી. માત્ર ભાવ બાંધણાથી કામ પૂરતું નથી પરંતુ તેની ખરીદી પણ એટલી જ જરૂરી બને છે. આજે પણ ગુજરાતમાં જંગલી પ્રાણીઓ અને પશુઓનો ત્રાસ વધી રહ્યો છે અને તેનાથી ખેડૂત પીડાઈ રહ્યો છે. બીજી તરફ સૌની યોજનાનો જેને લાભ મળ્યો છે તેને ઘી કેળા છે પરંતુ જે વિસ્તારોને લાભ નથી મળ્યો તેને આ લાભ અપાવવા માટે સરકાર પાસે કોઈ નક્કર આયોજન નથી. કૃષિ વિભાગનું કુલ બજેટ ૨૨૧૪૦ કરોડ છે તેમાંથી ઓજાર સબસીડી માત્ર ૭૦૧ કરોડ છે તેને બમણું કરવું જોઈએ. આ બજેટમાં કૃષિજણસોની ખરીદીની સબસીડીનું બજેટ ખૂબ મોટું કરવાની આવશ્યકતા છે. તેના કારણે સામાન્ય ખેડૂતને તેનો વધુ લાભ મળે તે જરૂરી બને છે.

આ બધા પ્રશ્નો ખેડૂતોના મોં ફાડીને બેઠાં છે પરંતુ ખેડૂત સંગઠનો કયાં છે તેને સૌ કોઈ શોધી રહ્યાં છે ?!

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૩૫ | ૧૨૩૬ |
| ૨ | શીંગ મોટી | ૮૭૫ | ૧૩૦૯ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ૪ | જીરૂ | ૪૧૦૦ | ૬૧૬૨ |
| ૫ | કપાસ | ૧૨૭૦ | ૧૫૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૧૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૭૦ |
| ૮ | જુવાર | ૭૮૧ | ૫૨૬ |
| ૯ | દેશી ચણા | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ૧૦ | ચણા | ૧૦૩૦ | ૧૧૬૯ |
| ૧૧ | તુવેર | ૧૫૧૧ | ૧૮૮૦ |
| ૧૨ | એરંડી | ૮૦૦ | ૧૦૯૦ |
| ૧૩ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૬ |
| ૧૪ | સોયાબીન | ૮૨૫ | ૮૬૨ |

પાના ૮ ઉપરનું ચાલું

## ઉનાનાં ગ્રામ્ય વિસ્તારની યુવતી ઉપર

યુવતીની મરજી વિઢદ્ધ અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હતું. અને કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે યુવતીએ ઉના પોલીસમાં દુષ્કર્મની ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની વધુ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ સંજય શામજી બાંભણીયા ગામે રહેતો હોય એ જ ગામમાં રહેતી યુવતીને આ શખ્સે લગ્ન કરવાની લાલચ આપી હતી. અને આ શખ્સ રાત્રિનાં અવાર નવાર યુવતીના ઘરે પહોચી જઈ યુવતીની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. અને ભોગ બનનારને દોઢેક માસનો ગર્ભ પણ રહેલ હોવાની શંકા ફરિયાદમાં ઉલ્લેખ કરેલ છે. આ સમગ્ર ઘટના અંગે ભોગ બનનારે તેના પિતાને જાણ કરતા ઉના પોલીસમાં શખ્સ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે શખ્સને ઝડપી પાડવા તપાસ હાથ ધરી આગળની વધુ કાર્યવાહી હાથ ધરેલ છે.

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૩૦ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૧૮૨ | ૧૧૯૦ |
| ૩ | ઘઉં | ૪૯૨ | ૫૭૮ |
| ૪ | ચણા | ૧૦૩૧ | ૧૧૪૯ |
| ૫ | ધાણા | ૧૦૩૫ | ૧૩૬૫ |
| ૬ | તુવેર | ૧૫૮૦ | ૧૭૦૦ |
| ૭ | રાઈ | ૧૦૬૦ | ૧૨૦૦ |
| ૮ | જીરૂ | ૪૨૨૫ | ૪૯૭૫ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૨૫ | ૧૪૫૩ |
| ૨ | મગફળી | ૮૯૧ | ૧૦૫૧ |
| ૩ | ઘઉં | ૪૫૦ | ૪૭૨ |
| ૪ | ચણા | ૧૦૩૦ | ૧૧૨૦ |
| ૫ | તુવેર | ૧૬૪૦ | ૧૬૪૦ |
| ૬ | ધાણા | ૧૧૩૧ | ૧૧૩૧ |
| ૭ | એરંડા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૮ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૯ | સોયાબીન | ૮૨૨ | ૮૨૨ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૯૦ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ૩ | મેથી | ૭૦૫ | ૧૦૦૭ |
| ૪ | તુવેર | ૧૬૦૦ | ૧૭૭૫ |
| ૫ | ઘઉં લોકવન | ૫૫૦ | ૫૭૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૩૧ |
| ૭ | રાય | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૮ | ધાણા | ૯૪૦ | ૧૧૪૦ |
| ૯ | જુવાર | ૯૦૦ | ૯૬૬ |
| ૧૦ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## સિંહણનું દરિયામાં ડૂબી જવાથી મોત નિપજયું

ઘટના અમરેલી જિલ્લામા સામે આવી છે. સિંહણનું દરિયામાં ડૂબી જવાથી મોત થયું છે વનવિભાગ પણ ચોંકી ઉઠયું છે. સમગ્ર ઘટનાક્રમ જાફરાબાદ તાલુકાના દરિયા કાંઠે આવેલ ધારાબંદરમાં અહીં સિમ વિસ્તાર નથી, સિંહોનો વસવાટ પણ નથી ત્યારે અચાનક સમુદ્રમાંથી સિંહણનો મૃતદેહ મળી આવતા વનતંત્ર પણ ચોંકી ઉઠયું હતું. આ ઘટનામાં જાફરાબાદ રેન્જ વનવિભાગની ટીમ ઘટના સ્થળે દોડી સિંહણનો મૃતદેહ કબ્જે લઈ બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે પીએમ કરવાની કાર્યવાહી હાથ ધરી. સિંહણ આશરે ૫ વર્ષ કરતા વધુની ઉંમરની હોવાનું વનવિભાગનું અનુમાન લગાવાય રહ્યું છે. જોકે આ ઘટના બાદ વનવિભાગના કર્મચારીઓ દ્વારા અહીં સ્કેનિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અહીં અન્ય સિંહો છે કે કેમ ? તેને લઈ તપાસ હાથ ધરી છે. રાજયમાં પ્રથમ વખત સિંહણનું દરિયામાં ડૂબી જવાથી મોતની ઘટના વનવિભાગના ચોપડે નોંધાઈ છે.

ધારાબંદરથી આગળ ખત્રીવાડા માણેકપુર વિસ્તારની દરિયાની ખાડીમાં એક સિંહબાળ ફસાય ગયું હતું. આ વિસ્તાર ગીર સોમનાથ જીલાના ઉના તાલુકાનો છે. અહીં જસાધાર રેન્જ વનવિભાગ દ્વારા આ વિખુટા પડેલા સિંહબાળને દરિયાની ખાડીમાંથી ફસાયેલા સિંહબાળનું રેસ્કયુ ઓપરેશન કરી બચાવી હેલ્થ ચકાસણી કર્યા બાદ હાલ તેમના ગ્રુપ સાથે ફરી સિંહબાળને મુકવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

બંને ઘટના બની તે વિસ્તારમાં ઉનાના ખત્રીવાડા વિસ્તારમાંથી જાફરાબાદના ધારબંદર સુધી પહોંચવા માટે ખાડી માર્ગ છે વાહન વ્યવહાર ન થઈ શકે પરંતુ ચાલીને સિંહ અવર જવર કરી શકે તેવો વિસ્તાર છે. અગાઉ ઉનાના સિંહો અહીં દરિયાકાંઠે અવર જવર કરી ચુકયા છે. ત્યારે આ સિંહણ પણ જસાધાર રેન્જમાંથી આવી ચડેલી હોવાનું વનવિભાગને પ્રાથમિક માહિતીઓ મળી રહી છે. કેમ કે ધારબંદરમાં સિંહો સહિત કોઈ વન્યપ્રાણીનો વસવાટ નથી ત્યારે આ સિંહણનું દરિયામાં ડુબી જવાથી મોતની ઘટનાથી વનવિભાગ પણ થોડીવાર ચોંકી ઉઠયું હોય હતું અને સતત આ ઘટનાને લઈ વનવિભાગ સ્કેનિંગ સહિતની કામગીરી હાથ ધરી તપાસ હાથ ધરી છે.

શેત્રુંજી ડીવીઝનના ઈન્ચાર્જ એસીએફ જી.એલ. વાઘેલાએ કહ્યું અહી સિંહણનુ દરિયામાં ડૂબી જવાના કારણે મોત થયું છે દરિયાની ખાડી ક્રોસ કરતી વખતે સિંહણ પાણીમાં ડૂબી ગઈ હતી અમારી ટીમ દ્વારા તપાસ ચાલી રહી છે.

ગીર પૂર્વ ડીવીઝન ડીસીએફ રાજદીપસિંહ ઝાલાએ કહ્યું એક સિંહબાળ જસાધાર રેન્જમાં ખત્રીવાડા દરિયાની ખાડી વિસ્તારમાં ફસાયું હતું તેને અમારી ટીમ દ્વારા તાત્કાલિક રેસ્કયુ કરી બચાવી લીધું છે અને તેના ગ્રુપ સાથે ફરી મુકત કરવા માટેની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે સિંહણનુ બચ્ચું હાલ જીવીત છે.

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૬ | ૧૪૫૫ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૩૨૦૧ | ૩૨૦૧ |
| ૨ | તલ પીળા | ૩૭૫૦ | ૩૭૫૦ |
| ૩ | કપાસ | ૧૧૦૦ | ૧૫૫૧ |
| ૪ | બાજરો | ૪૧૧ | ૪૯૮ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૨૧ |
| ૬ | જુવાર | ૭૫૦ | ૮૨૮ |
| ૭ | મેથી | ૧૨૧૨ | ૧૨૧૨ |
| ૮ | તુવેર | ૧૮૯૪ | ૧૯૦૦ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૧૦ | જીરૂ | ૬૫૦૦ | ૬૫૦૦ |

# અમરેલીનાં દહીંડા ખાતે લાયન્સ પુસ્તકાલય ''જ્ઞાન પરબ'' અર્પણ કરાયું









લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા અમરેલી તાલુકાના દહીંડા ગામમાં સરકારી પ્રાથમિક શાળામાં લાયન્સ પુસ્તકાલય ૧૦ મું 'જ્ઞાન પરબ' અર્પણ કરવામાં આવ્યું. આ સાથે વિધાર્થી અને વાલીઓ માટે ફ્રી ડેન્ટલ કેમ્પનું આયોજન થયું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ લા. દિનેશભાઈ ભુવા, કલબ ના પ્રમુખ લા. કૌશિક હપાણી, કલબના મંત્રી લા. દિવ્યા સોજીત્રા, કલબના સહખજાનચી લા. ઘનશ્યામ હપાણી, સિનિયર મેમ્બર લા. રાજુભાઈ પરીખ, લા. નનુભાઈ તળાવિયા, ઝોન ચેરપર્સન લા. નિલેશભાઈ ઠુંમર, દહીંડા ગામના સરપંચ ગીતાબેન ભુપતભાઈ હપાણી, પૂર્વ આચાર્ય ઘેલાભાઈ મકાણી, વિદ્યામંદિર ટ્રસ્ટના પ્રમુખ મુકેશભાઈ હપાણી, માધ્યમિક શાળના આચાર્ય કિશોરભાઈ પાનસુરીયા, પ્રા. શાળાના આચાર્ય દવે ભાઈ, અમરાપુર પ્રા. શાળાના પૂર્વ આચાર્ય રમેશભાઈ ભીમાણી, કાંતાબેન કીકાણી, સ્કૂલ એસએમસીના સભ્યો અને ગામના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડેન્ટલ કેમ્પ માટે વેદાંત ડેંટલકેરનાં ડો. સ્વાસ્વત સોલંકી અને ડો. ગ્રીષ્મા વાઘેલાએ સેવા આપી હતી. કલબની યાદીમાં લા. રાજુભાઈ પરીખ જણાવે છે.

## બાંધકામ કરનાર એજન્સી મહિનાઓથી ગાયબ થઈ ગઈ

# ધારીનાં દેવળા ગામે ''પંચાયત ઘર''નું બાંધકામ અધુરૂં રહ્યું

એક તરફ સત્તાધારી પક્ષ તરફથી ગાવ ચલો અભિયાન ચાલે અને બીજી તરફ ગામ પંચાયતનું મકાન અધુરૂં જોવા મળે

ગામનાં મહિલા સરપંચ ઠેકઠેકાણે રજૂઆત કરીને થાકયા છતાં પણ ૪ વર્ષથી કોઈ ઉકેલ નહી

બાંધકામ એજન્સીનાં પાપે ગામ પંચાયતને ભાડાનાં મકાનમાં બેસવાના દિવસો આવ્યા

૧૦ દિવસમાં કામ શરૂ ન થાય તો સરપંચની આગેવાનીમાં ગામજનો આંદોલન કરવાનાં મિજાજમાં



અમરેલી, તા. ૧૭

એક તરફ સત્તાધારીઓ અને સત્તાધારી પક્ષનાં આગેવાનો દિવસ-રાત વિકાસની વાતો કરી રહ્યા છે. સત્તાધારીપક્ષ દ્વારા ગાવ ચલો અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે. ૨૦૪૭માં વિકસિત ભારતનાં સપના બતાવવામાં આવી રહ્યા છે. તેવા જ સમયે વહીવટીતંત્રની ઘોર નિષ્ફળતા દર્શાવતી ઘટના ધારીનાં ખાંભા રોડ પર આવેલ દેવળા ગામે બની છે.

દેવળા ગામ પંચાયતનું જૂનું મકાન જમીનદોસ્ત કરીને તે જ સ્થળે ચાર વર્ષ પહેલા માર્ગ-મકાન(પંચાયત) વિભાગ દ્વારા નવું પંચાયત ઘર બનાવવા માટે એક ખાનગી બાંધકામ એજન્સીને નિયમ મુજબ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો. અને બાંધકામ એજન્સીએ થોડું કામ કરીને અચાનક કામ બંધ કરી દઈને થોડુ કામ કરીને અચાનક કામ બંધ કરી દઈને ચાલતીસ પકડતાં મહિનાઓથી અધુરૂં કામ જોવા મળી રહ્યું છે. પંચાયત ઘર મહિનાઓથી ભાડાનાં મકાનમાં કાર્યરત જોવા મળી રહી છે.

દરમિયાનમાં દેવળા ગામના સરપંચ મુકતાબેન વસોયાએ કલેકટરને પત્ર પાઠવીને ૧૦ દિવસમાં પંચાયત ઘરનું કામ શરૂ ન થાય તો ગ્રામજનોનાં સહયોગથી આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

---

### સમગ્ર દેશમાં કદાચ કાકા-ભત્રીજાની પહેલી એવી જોડી હશે કે


## ગોવિંદભાઈને મળ્યું રાજયસભાનું પદ અને ભત્રીજા સવજીભાઈ ધોળકીયાને મળ્યો છે પદ્મશ્રી એવોર્ડ

### દુધાળા ગામના એક જ પરિવારનાં બે સમાજ સેવકોએ કરેલા સેવાકાર્યોની વિશેષ નોંધ લઈ વિશેષ સન્માનપદ મળ્યું

લીલીયા, તા. ૧૭

લાઠી તાલુકાનાં દુધાળા ગામમાં ધોળકીયા પરિવારમાં જન્મેલા ગોવિંદભાઈ ધોળકીયા અને પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા કાકા-ભત્રીજાની દેશમાં કદાચ સમાજ સેવાનાં કાર્યોની ભારત સરકારે વિશેષ નોંધ લઈ બન્ને સમાજ સેવકોને રાજર્ષીપદ આપી સન્માનિત કરેલ હોય તેવી કદાચ આ પહેલી ઘટના કહી શકાય.

નાનકડા દુધાળાનાં વતની હાલ સુરતમાં હિરા ઝવેરાતનાં ઉદ્યોગ સાથે સંકળાયેલ ગોવિંદભાઈ અને પદ્મશ્રી સવજીભાઈ બન્નેનો એક જ પરિવારમાં જન્મ થયો છે. બન્ને કાકા-ભત્રીજાનો સબંધ છે. જેમાં ગોવિંદભાઈ ધોળકીયા સમાજનાં છેવાડના જરૂરીયાતમંદ લોકો માટે આરોગ્ય-શિક્ષણ-ધાર્મિક સહિત વિવિધ ક્ષેત્રે સેવાયજ્ઞ ચલાવી રહ્યાં છે. તેની ફળશ્રૃતિ સ્વરૂપે દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહે નોંધ લઈ સૌથી મહત્વની ગણાવી રાજયસભાનાં સાંસદ તરીકે





પસંદગી કરી સન્માનિત કરેલ છે. આવી જ રીતે સવજીભાઈ ધોળકીયાએ જલ કે લીયે જંગ સુત્ર આપી જળ સંચય ક્ષેત્રે ૧૨૫ કરતા વધારે તળાવો બનાવી જળક્રાંતિ સર્જી છે. લાઠી તાલુકાનાં હરસુરપુર દેવળીયાથી લીલીયા તાલુકાનાં સનાળીયા સુધી ગાગડીયો નદી પર નમુનેદાર જળ સંચય કામગીરી કરી લાઠી અને લીલીયા તાલુકાનાં ૧૦૦ જેટલા ગામોનાં જળ સ્ત્રોતમાં ફાયદો થયેલ છે. અને પર્યાવરણ ક્ષેત્રે ૨૫ લાખ કરતા વધારે વૃક્ષોનું વાવેતર કરી ઉચ્છેર પણ કરેલ છે. સવજીભાઈ ધોળકીયા દ્વારા થયેલ સેવા કામોની નોંધ લઈ ભારત સરકારે તેમને તત્કાલીન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનાં વરદ્ હસ્તે વર્ષ ૨૦૨૨માં પદ્મશ્રી એવોર્ડ આપી સવજીભાઈ ધોળકીયાને વિશેષ સન્માન આપેલ.નાનકડા એવા દુધાળા ગામના ગોવિંદભાઈ અને પદ્મશ્રી સવજીભાઈએ સમગ્ર દેશ અને દુનિયામાં અમરેલી જિલ્લાને ગૌરવ અપાવેલ છે તેવું સૌ કોઈ કહી રહ્યા હોવાનું મનોજ જોષીની યાદીમાં જણાવેલ છે.

---

### સરપંચની પ્રેરણાદાયી કામગીરી

## સા.કુંડલાનાં વિજયાનગર ખાતે સ્વચ્છતા અભિયાનની સુંદર કામગીરી

### મીની ટ્રેકટર દ્વારા ડોર ટુ ડોર કલેકશન



**(પ્રતાપ ખુમાણ, સાવરકુંડલા)**

સાવરકુંડલા, તા. ૧૭

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સાવરકુંડલા તાલુકાના વિજયાનગર ગામ ખાતે સરપંચ ઘનશ્યામભાઈ બલર દ્વારા ગામની તમામ જાહેર જગ્યાઓ, શેરીઓ, મંદિરો, સ્મશાન, પ્રાથમિક શાળા, ગ્રામ પંચાયત, બસ સ્ટેન્ડ, સરકારી કચેરી અને મકાનો સહિત વિવિધ જાહેર સ્થળોએ સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. વિજયાનગર ગ્રામ પંચાયતમા ગ્રામજનો તેમજ ગામના સરપંચ ઘનશ્યામભાઈ બલર અને સભ્યો દ્વારા જાહેર સ્થળોની સાફ સફાઈ કરવામા આવી હતી.

તાજેતરમા જ વિજયાનગર ગામમાં સ્વચ્છતા અને સફાઈ બાબતે સરપંચ ઘનશ્યામભાઈ બલરની જાગૃતતા જોઈને ૧૫ માં નાણાંપંચની ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત કચેરી દ્વારા અમરેલી જીલ્લા સાંસદ સભ્ય નારણભાઈ કાછડિયા અને સાવરકુંડલા લીલીયા તાલુકાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં હસ્તે વિજયાનગર ગામમાં ડોર ટુ ડોર ઘરે ઘરેથી કચરાનું કલેકશન થાય તે માટે મિની ટ્રેક્ટર અને તેની ટ્રોલી લારી સરપંચ ઘનશ્યામભાઈ બલરને અર્પણ કરવામાં આવ્યું હતું. વિજયાનગર ગ્રામ પંચાયત દ્વારા સફાઈ અભિયાનને વધુ વેગવંતુ અને ગામમાં સંપૂર્ણ સ્વચ્છતા જળવાઈ રહે તે માટે દરરોજ સવારે ગામના દરેક વિસ્તારોમાં, શેરીએ, શેરીએ તેમજ દુકાને દુકાને જઈને ઘરે ઘરેથી ટ્રેકટર દ્વારા કચરાનું કલેકશન કરવામાં આવી રહ્યુ છે તેમજ સરપંચ ઘનશ્યામભાઈ બલર દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહ્વાનના પગલે દરરોજ એક કલાક પોતાનું શ્રમદાન આપી ગામના સફાઈ અને સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યાં છે.

---

### સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલને ૩ લાખ અર્પણ કર્યા

## બગસરાનાં વતની અને દુબઈ સ્થિત ધાણક પરિવારનું પ્રેરણાદાયી કાર્ય

### દાતા પરિવારનું ટ્રસ્ટીગણે સન્માન કર્યુ

ટીંબી, તા. ૧૭

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિલ, ટીંબી(જિ.ભાવનગર)માં ચાલતા નિઃશુલ્ક અરોગ્યલાક્ષી સેવાકાર્યમાં બગસરાનાં વતની અને ઉદારદિલ દાતા ગં.સ્વ. ભાનુમતિબેન વ્રજલાલ ધાનક અને દુબઈ સ્થિત તેમના પુત્રી જયશ્રીબેને હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. હોસ્પિટલમાં ચાલતા સેવાકાર્યથી ખુબ જ પ્રભાવિત થઈને દર્દીનારાયણ સારવાર અર્થે સહભાગી થવાનાં શુભાશયથી તેઓનાં મારફત સ્વ. વજુભાઈ ગીરધરભાઈ ધાનકનાં આત્મકલ્યાણાર્થે રૂપિયા ત્રણ લાખનું અનુદાન અર્પણ કરેલ છે. ઉપરાંત ભવિષ્યમાં વખતોવખત હોસ્પિટલને અનુદાન અર્પણ કરવાનો શુભસંકલ્પ કરેલ



છે. તેઓનું ઉપપ્રમુખ બી.એલ. રાજપરા અને ખજાનચી પરેશભાઈ કે. ડોડીયા દ્વારા હોસ્પિટલનાં પ્રણેતા સદ્ગુરૂદેવ સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં પુસ્તક અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ દાતા ગં.સ્વ. ભાનુમતિબેન મારફત રૂપિયા ત્રણ લાખ પુરાનું અનુદાન પ્રાપ્ત થયેલ છે. હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે ગં.સ્વ. ભાનુમતિબેન વ્રજલાલ ધાનક તથા તેમનાં પરિવારજનોનો હૃદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે. ''પૂ. ગુરૂદેવ તેમને સુખ, સમૃધ્ધિ અને લાંબુ આયુષ્ય પ્રદાન કરે તેવી પ્રાર્થના.''

---

### સહકારી અને સામાજિક આગેવાનોએ શુભેચ્છા પાઠવી

## અમરેલી ખાતે નારાયણી ક્રેડિટ કો.ઓપ. સોસાયટીનો બીજા વર્ષમાં પ્રવેશ

### માજી સૈનિકોનું સન્માન કરાયુ

અમરેલી, તા. ૧૭

અમરેલી મુકામે નારાયણી ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીનાં બીજા વર્ષમાં મંગલ પ્રારંભ પ્રસંગે અમરેલી ઓપેરા હાઉસે ઓફિસ ખાતે એક કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ચંદ્રેશભાઈ મહેતા તથા જગદીશભાઈ ચૌહાણનાં વરદ્ હસ્તે મુખ્ય મહેમાનો મુકેશ સંઘાણી તથા રશ્વિનભાઈ ડોડીઆનું શાલ અને મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યુ. ત્યારબાદ સોસાયટીનાં ચંદ્રેશભાઈ મહેતા અને મુખ્ય મહેમાનો મુકેશભાઈ સંઘાણી અને રશ્વિનભાઈ ડોડીઆ દ્વારા નામાંકિત ડોકટર ગોંડલીયા, ડોકટર ભવનેશભાઈ ભટ્ટ, ડોકટર રાઠોડ તથા ડોકટર જયેશભાઈ દેસાઈ અને ગાયક કલાકાર સીકંદરખાન પઠાણ અને આરતીબેન જોશી તેમજ ડીફેન્સ ઓર્ગેનાઈઝેશન સંસ્થા(માજી સૈનિકો)નું સન્માન કરવામાં આવ્યું તથા સભાસદોને ધિરાણ પેટેનાં ચેક વિતરણ કરવામાં આવ્યા તથા અન્ય મંડળીઓનાં ચેરમેનનું પણ ચંદ્રેશભાઈ મહેતા દ્વારા સન્માન કરવામાં આવ્યુંતેમજ અમરેલીનાં વકીલ મંડળ નાં સેક્રેટરી જે.આર. વાળા અને અન્ય વકીલો દ્વારા ચંદ્રેશભાઈ મહેતાનું સન્માન કરવામાં આવેલ તથા આ કાર્યક્રમમાં મુકેશભાઈ સંઘાણી તથા રશ્વિનભાઈ ડોડીઆ દ્વારા પ્રેરક પ્રવચન દ્વારા મંડળીની યોજનાઓ અને કાર્યશૈલીને





બિરદાવવામાં આવેલ તથા લોકોને શ્રી નારાયણી ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી સંસ્થામાં જોડાવવા તેમજ મંડળીમાં ચાલતી વિવિધ યોજનાનો લાભ લેવા માટે અપીલ કરેલ.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી નારાયણી ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી અમરેલીનાં ચેરમેન પ્રતિક્ષાબેન મહેતા તથા વા. ચેરમેન ચેતનભાઈ ચૌહાણ તથા એમ.ડી નીખીલાબેન કાબરીયા તથા રમીલાબેન પટોલીયા, ભરતભાઈ વ્યાસ, હરનીલભાઈ ત્રિવેદી, જગદીશભાઈ ચૌહાણ, જે.આર. વાળા(એડવોકેટ) જીગરભાઈ કામદાર, અનિલભાઈ કયાડા તથા શૈલેષભાઈ વાઘેલા તથા અમિતભાઈ ધાનાણી, સંદીપભાઈ વાઘેલાએ જહેમત ઉઠાવેલ એવી યાદી મંડળીનાં મેનેજર કેવલ ડી. જાદવએ જણાવેલ છે.

---


## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ-અમરેલી ના આથી અમારા અસીલ,રૂકશાનાબેન ગફારશા ભટ્ટી, રહે.અમરેલી (ઠે.સંતોષી માતાના મંદિર પાસે, ડુબાણીયા-પા) ની સુચના અન્વયે આથી લાગતા- વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરીએ છીએ કે ::-

ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના અમરેલી ગામે ચોરા-પા વિસ્તારમા મંદિરની બાજુમા આવેલ ટીકા નં.૭/૩, સર્વે નંબર ૧૩૧ અને ૧૩૨ પૈકી ચો.મીટર : ૪૧-૩૨ તથા સર્વે નંબર ૧૩૦ ની ચો.મી.૧૯-૨૩ ની રહેણાંકની ખુલ્લી જમીન અમારા અસીલ એ (૧) સમીરભાઈ હાજીભાઈ બીલખીયા, રહે.અમરેલી તથા (૨) તોફીકભાઈ અબુભાઈ નગરીયા, રહે.અમરેલી પાસેથી વેચાણ રાખવા નકકી કરેલ છે અને તે અંગેનો બાનાખતનો લેખ નોટરી સમક્ષ તા.૮/૨/૨૪ થી પક્ષકારો વચ્ચે કરવામા આવેલ છે.

અમરેલીના આ ટીકા નં. ૭/૩, સર્વે નંબર ૧૩૦ તથા સર્વે નંબર ૧૩૧ પૈકી અને ૧૩૨ ની જમીન તા.૬/૩/૧૯૯૨ થી સીટી સર્વે રેકર્ડમા ભરતકુમાર રામશંકર ભટ્ટ વિ.ના નામે નોંધાયેલ. આ મિલ્કત ભરતકુમાર રામશંકર ભટ્ટ પોતે જાતે તથા મહેશકુમાર છોટાલાલ ભટ્ટના મુખત્યાર તરીકે તેમજ વનીતાબેન છોટાલાલ એ સબ રજીસ્ટ્રારશ્રી, અમરેલીની કચેરીમા નોંધાયેલ વેચાણલેખ નં.૨૦૬ તા.૨૯/૧/૧૯૯૨ થી કુલ ચો.મી.૧૧૭-૩૮-૧૦ ના ક્ષેત્રફળની મિલ્કત ચંદુલાલ બાબુલાલ ધકાણ ને વેચાણ આપેલ. તેમના અવસાન પછી આ મિલ્કત વારસાઈ હકકે શારદાબેન ચંદુલાલ ધકાણ, પંકજભાઈ ચંદુલાલ ધકાણ, રૂપેશભાઈ ચંદુલાલ ધકાણ તેમજ લીનાબેન ચંદુલાલ ધકાણના નામે વારસાઈ હકકે સીટી સર્વે રેકર્ડમા દાખલ કરવામા આવેલ, પરંતુ ચંદુલાલ બાબુલાલ ધકાણ એ કરેલ વીલલેખ આધારે આ મિલ્કત વારસો પૈકી રૂપેશભાઈ ચંદુભાઈ ધકાણના સ્વતંત્ર નામે દાખલ થયેલ છે. તેમના પાસેથી તા.૨૬/૮/૨૨ ના વેચાણલેખ નં.૪૨૭૪ થી (૧) સમીરભાઈ હાજીભાઈ બીલખીયા તેમજ (૨) તોફીકભાઈ અબુભાઈ નગરીયાએ વેચાણ રાખેલ છે. તેમના પાસેથી ટીકા નં.૭/૩, સર્વે નંબર ૧૩૧ અને ૧૩૨ પૈકી ચો.મીટર :૪૧-૩૨ તથા સર્વે નંબર ૧૩૦ ની ચો.મી.૧૯-૨૩ ની રહેણાંકની ખુલ્લી જમીન અમારા અસીલ એ વેચાણ રાખવા નકકી કરેલ છે. સદરહુ મિલ્કત સબંધે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરવામા આવેલ હોય જેથી સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક-હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩ મા લેખીતમા આધાર-પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા-તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા- વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૧૮/૦૨/૨૦૨૪

Pandya Advocates

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી



## અમરેલી નાગરિક સહકારી બેંક

### સોનાના દાગીના સામે ધિરાણ મેળવનાર પૈકી મુદતવીતી બાકીદારોના દાગીનાની હરરાજી/વેચાણની

### જાહેર નોટિસ

| ક્રમ | ખાતા નં. | અરજદારનું નામ | તારીખ : ૧૫-૦૨-૨૦૨૪ ના રોજ બાકી રૂા. |
|---|---|---|---|
| ૧ | ૯૧૫૩૪ | યોગેશભાઈ અમરાભાઈ પરમાર | ૨૧૯૫૦.૦૦ |
| ૨ | ૯૨૨૪૦ | કલ્પેશભાઈ સોમાભાઈ મકવાણા | ૫૫૦૮૧.૦૦ |
| ૩ | ૯૨૫૧૮ | બાબુભાઈ અરજણભાઈ ભાસ્કર | ૧૦૩૬૮૭.૦૦ |
| ૪ | ૯૨૬૯૪ | અનકભાઈ જીલુભાઈ માંજરીયા | ૨૬૧૨૭.૦૦ |
| ૫ | ૯૨૭૧૭ | જીવકુભાઈ રામકુભાઈ વાળા | ૧૫૪૩૬.૦૦ |
| ૬ | ૯૨૭૯૯ | સુરાભાઈ સીંધાભાઈ ચોરીયા | ૬૫૧૯૬.૦૦ |
| ૭ | ૯૩૦૦૬ | આયશાબાનુ મહમદહુસેનકાદરી સૈયદ | ૩૮૯૩૮.૦૦ |
| ૮ | ૯૩૧૧૭ | ગીરીશભાઈ બાબુભાઈ ચૌહાણ | ૨૯૩૯૩.૦૦ |
| ૯ | ૯૩૧૫૭ | પ્રવિણભાઈ લાલજીભાઈ ડાભી | ૧૭૬૧૭.૦૦ |
| ૧૦ | ૯૩૫૫૩ | મુકેશભાઈ રામાભાઈ ચૌહાણ | ૨૭૮૯૫.૦૦ |
| ૧૧ | ૯૩૭૧૦ | પરેશભાઈ રવીસીંહભાઈ સોલંકી | ૩૩૫૨૪.૦૦ |
| ૧૨ | ૯૩૭૧૬ | ઉસમાનશા સુલતાનશા બેલીમ | ૨૭૭૪૫.૦૦ |
| ૧૩ | ૯૩૭૨૮ | કૈલેશભાઈ હરગોવિંદભાઈ નાગરેચા | ૨૬૫૯૦.૦૦ |
| ૧૪ | ૯૩૮૪૮ | જયંતિભાઈ મોહનભાઈ તોગડીયા | ૫૬૩૬૮.૦૦ |
| ૧૫ | ૯૩૮૭૦ | જોરૂભાઈ ભીખાભાઈ ધાધલ | ૧૦૩૫૦૨.૦૦ |

ઉપરોકત બાકીદારોને સોનાના દાગીનાના ધિરાણની વ્યાજ વગેરે ખર્ચ સહિતની આશરે લેણી થતી રકમ ભરી આપવા અગાઉ ફોનથી તથા નોટિસ દ્વારા સૂચના આપેલ છે. છતા તેઓએ બેંકની લેણી રકમ ભરપાઈ કરેલ નથી. જેથી આ જાહેર નોટિસ દ્વારા ઉપરોકત તમામ બાકીદારોને જાણ કરવામાં આવે છે કે તારીખ : ૨૬-૦૨-૨૦૨૪ ને સોમવાર સુધીમાં તેઓના ખાતાની બાકી નીકળતી રકમ ભરપાઈ કરી દાગીના છોડાવી જવા સુચના આપવામાં આવે છે. અન્યથા ત્યારબાદ કોઈપણ તારીખે બેંક દ્વારા તમારા દાગીનાઓનો તમારા ખર્ચે અને જોખમે હરરાજી-વેંચાણથી નિકાલ કરી રકમ વસુલ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી. ઉપરોકત રકમમાં ફેરફાર હશે તો બેંકના રેકર્ડ મુજબની રકમ માન્ય રાખવામાં આવશે.

સ્થળ : અમરેલી
તારીખ : ૧૭-૦૨-૨૦૨૪
ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૦૦૦

બી.એચ.દફતરી, ગોલ્ડ ઓફીસર | એ.એમ. નાકરાણી, રીકવરી ઓફીસર | ડી.વી. ધોરાજીયા, મેનેજર

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સુચનાથી

## એમએસપીની ગેરંટીનો કાયદો, દેવામાફી, સ્વામીનાથન સમિતિનાં રીપોર્ટને લઈને

# દેશનાં પાટનગરમાં હરિયાણા, પંજાબનાં ખેડૂતોનું હલ્લાબોલ

**૩ વર્ષ પહેલા કેન્દ્ર સરકારે ખેડૂતોને એમએસપી આપવાનું આપેલ વચન યાદ અપાવવા ખેડૂતો મેદાનમાં આવ્યા**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૩-૧૪નાં ચૂંટણી પ્રચારમાં પણ ખેડૂતોને સ્વામીનાથન સમિતિનો રીપોર્ટ લાગુ કરવા ખાત્રી આપી હતી**

**પ્રધાનમંત્રી દેશવાસીઓને એટલા વચન અને ગેરંટી આપી ચુકયા છે કે તેઓ પણ ભૂલી જતાં હોય તેવું લાગે છે**

**જો કે ગુજરાતનાં ખેડૂતો પણ અનેક ક્ષેત્રે અન્યાયનો ભોગ બનેલ હોય તેઓ નેતૃત્વનાં અભાવે મુંગા મોઢે તમાશો જોયા કરે છે**



(તખુભાઈ સાંડસુર દ્વારા)
અમરેલી, તા. ૧૭

દિલ્હીમાં તાપમાનનો પારો તો નીચે છે અને ઠંડીનું પ્રમાણ પણ ઘણું બધું છે પરંતુ હરિયાણા અને પંજાબમાંથી ઉમટી પડેલા ઉમટી પડેલા ખેડૂતોએ રાજકીય પારો ફરી ઉંચો કરી દીધો છે. સરકારને હવે ખેડૂતોને મનાવવા એ ખૂબ મોટી ચિંતાનો વિષય બની ગયો છે. કારણ કે એક તરફ લોકસભાની ચૂંટણીઓના નગારાઓ વાગી રહ્યા છે અને બીજી તરફ ટ્રેકટર અને ગાડા લઈને ખેડૂતો આંદોલનની દુંદુભિઓ વગાડી રહ્યા છે.

હરિયાણા અને પંજાબ તરફની શંભુ બોર્ડર કે જયાં લગભગ બે કિલોમીટરનો વાહનોનો જામ લાગી ગયો છે અને ત્યાં પણ પોલીસે દિલ્હીમાં પ્રવેશ પર ખેડૂતોને મનાઈ ફરમાવી છે. ખેડૂતો ટસના મત થવા તૈયાર નથી અને દિલ્હી કુચ કરી જવા માટે ખૂબ મક્કમ છે. જે રીતે પંજાબ, હરિયાણા વગેરે ઉત્તર ભારતમાં ખેડૂતો સમય આવે ત્યારે સરકારનું નાક દબાવવાનું ભૂલતા નથી અને ચૂકતા નથી. તેથી સરકારે તેની માંગણીઓ માટે નીચી મુંડીએ તેનો સ્વીકાર કરવો પડે છે. અત્યારની માંગણીઓ મુજબ ખેડૂતો પોષણક્ષમ ભાવો મળી રહે તેના માટે કાયદો કરવા, દેવાની નાબુદી કરવા માટે, ખેડૂત આંદોલન દરમિયાન મૃત્યુ પામેલાને વળતર ચૂકવવા અને આંદોલનના કેસોને પાછા ખેંચવા અને હરિયાણામાં, પંજાબમાં કાયમી મિનિમમ સપોર્ટ પ્રાઈસથી પોતાની ખેત જણસોને સ્વીકારવા માટે માંગણી મુકી રહ્યા છે. સરકાર માટે બધી જ માંગણી

અનુસંધાન પાના ૬ ઉપર


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,190/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬



જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઇ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨


## કળિયુગમાં સિંહ જેવા શક્તિશાળી પ્રાણીને પણ ગાય ભગાડે છે

# રાજુલાનાં ચારનાળા નજીક આવેલ પેટ્રોલપંપમાં શિકાર કરવા ઘુસેલ સિંહને ગાયએ ભગાડયો

### સમગ્ર ઘટનાક્રમ સીસીટીવી કેમેરામાં કેદ થયો

રાજુલા, તા. ૧૭

અમરેલી જિલ્લામાં સિંહોની ઘટનાઓ દિનપ્રતિદિન રીતે વધી રહી છે વધુ એક ઘટના રાત્રીના સમયની સામે આવી. જેમાં સિંહ પેટ્રોલપંપની અંદર ઘૂસ્યો સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. રાજુલાના ચારનાળા નજીક જાફરાબાદ રોડ ઉપર સીતારામ પેટ્રોલપંપની અંદર રાત્રે સિંહ શિકારની શોધમાં ભટકતો ભટકતો અંદર ઘુસી જતા રેઢિયાર ગાય હતી. પંપના કર્મચારીઓ ઓફિસમાં હતા આ વચ્ચે સિંહ દ્વારા ગાયનો શિકાર કરવા માટે બે વખત પ્રયાસ કર્યા પરંતુ સિંહ સામે ગાયએ પીઠ ન બતાવી અને બહાદુરી બતાવી જેના કારણે સિંહના શિકારથી આ ગાય પશુનો બચાવ થઈ ગયો અને સિંહ નજીક ગાય સામે હિંમત બતાવી સિંહને ઢીક મારવાનો ગાય દ્વારા પ્રયાસ કર્યો હતો જેના કારણે ગાય બચી ગઈ હતી. સિંહ દ્વારા આગળ પાછળ બધી સાઈડથી શિકાર કરવા માટે ૨ વખત પ્રયાસ કર્યો પરંતુ સિંહ ગભરાઈ ભાગી રહ્યો હતો. ભૂખ્યા સિંહ દ્વારા ગાયનો શિકાર કરવા માટે ચારે તરફથી શિકાર કરવા માટેની કોશિષ ખૂબ કરવામાં આવી પરંતુ ગાયની હિંમતના કારણે સિંહથી ગાય બચી ગઈ હતી.

સીતારામ પેટ્રોલપંપની અંદર સિંહ ગાયનો શિકાર કરવા ઘૂસતા સિંહ અને ગાયની દોડધામના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા અને વીડિયો સોશ્યલ મીડિયામાં વાયર થયો હતો. જોકે સદનસીબે પેટ્રોલપંપ પર અન્ય બાઈક ચાલકો, વાહન ચાલકો ન હોવાને કારણે મોટી દુર્ઘટના પણ ટળી હતી અને સિંહો હાઈવે ક્રોસ કરતા રહેણાંક વિસ્તારમાં ઘુસી જવાની ઘટનાઓ બાદ હવે પેટ્રોલપંપની અંદર સિંહો ઘુસી રહ્યા છે જે ચિંતાજનક સ્થિતિ વનવિભાગ માટે ઉભી થઈ રહી છે.




## લગ્ન કરવાની લાલચે ડરાવી-ધમકાવીને

# ઉનાનાં ગ્રામ્ય વિસ્તારની યુવતી ઉપર તે જ ગામનાં શખ્સે અવારનવાર દુષ્કર્મ આચર્યુ

### ભોગ બનનારનાં પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી

ઉના, તા. ૧૭

ઉનાના એક ગામે રહેતા શખ્સે એ જ ગામની યુવતીને લગ્ન કરવાની લાલચે ડરાવી ધમકાવી આશરે ત્રણેક વર્ષથી પોતાના ઘરે જઈ

અનુસંધાન પાના ૬ ઉપર


Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.





*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)